52356

સાંકળીયું.

———:o:———

પ્રકરણ.

૬૧૩૬

સરોવરની સુંદરી.

(એક દિલકશ વાર્તા)

ગઝલ.

ખાલિકે એનયાજસે સુબ્હો મસા ખિયાલ હય,
ઉલફત ઉસીકે નામકી દિલકો મેરે કમાલ હય;—
દયરો હરમસે કામ કીયા, દિલસે હુવા હું શેફ્તા,
બાગે જહાંમે જિસ્કા નામ થા ઝુલ જલાલ હય;—
મરનેકે આગે મર ગયા, અરમાં ન દિલમે કુછ રહા,
અપના હય હાલ યકસાં, ન રંજ હય વબાલ હય;—
બંદે ખુદાકી યાદ કર, દિલકો તું અપને શાદ કર,
માન મેરા કહા ચ્હે તું, બસ યેહી કિલો કાલ હય;—
મય હું 'રફિકે' કમતરીં, સો જાનસે નિસાર હું,
નામે ખુદાએ પાકસે ઉલફત મુઝે કમાલ હય.

પ્રકરણ ૧ લું.

શરૂઆત.

શાકી લાવ આબ પેલું આતશ્યા ખાસ,
કે પીને હું પામું આ ગમથી ખલાસ;
શાકી લાવ આપ પેલું રાતું ઝવેર,
કે અટકે વ્હેતી તેથી દુઃખની આ નહેર;
સુન સુજનું શાકી એમ સરકશ ન થા,
બનીછ ખાકથી તું તો એમ આતશ ન થા;
મને પા કે ખેંચી આ નબળી કલમ,
નવી એકુ વાર્તાને આપું જનમ.

જે દેખાવ પર હમો હમારાં વાંચકોનું ધ્યાન રોકવા માંગ્યે છીએ, તે દેખાવ (જે વખતની મો વાત કર્યે છીએ તે વખતે) ઇંગ્લાંડના કમ્બરલેન્ડ મગણામાં સર્વથી દીલપઝીર અને સર્વથી ર હતો. ટેકડીઓથી ઘેરાયલો પાણીનો એક ઝરો સરોવરના નામને છાજે તેવો બ્હોળો અને તો હતો. તે ટેકડીઓમાંની કેટલીક લીલોતરાથી ભરેલી હતી, જ્યારે કેટલીક તદ્દન ઉજડ

અને વેરાણ હતી. જે ઉજડ અને વેરાણ હતી તેઓ ગોયા પ્હાડો અને પર્વતોની ઉપમાને માટે તુરતનીજ ઉમેદવાર થઇ ચુકી હતી, જેમની વેરાણ અને ખડકાળી બાજુઓ સાથે, બીજી થોડાં ઉંચાણની પણ ફળદ્રુપ અને લીલોતરીવાલી ટેકડીઓની લીલી ઢળાણો મજબુત હરીફાઇમાં ઉતરી હતી. તે પાડી ઉંચાણ સરોવરની પશ્ચીમે ચઢેલું હતું, જ્યારે તે ફળદ્રુપ નીચાણ તેની પુર્વે ઉતરી પડેલું હતું; અને એ ઢળાવદાર નીચાણમાં એક નાનું ગામડું આવેલું હતું.

થોડાક માછીમારોનાં ઝુપડાંનું બનેલું તે એક ગરીબડું ગામડું હતું; અને સરોવરમાંથી મળતી પુષ્કળ માછલી જે દસ બાર ગણત્રીનાં કુટુંબ ત્યાં રેહેતાં હતાં, તેમનો ઠીક ખોરાક થઇ પડી હતી; હવે જે ટેકડીઓમાંથી આપણું આ નીચાણ જનમ પામ્યું હતું, તેજ ટેકડીઓની પેલી ગમ ચારેક માઇલ પર **ઑરોડેલ**નું નાનું શેહેર વસાયલું હતું, જ્યાં વળી તે માછીઓ પેલાં સરોવરમાંની માછલી વેચી તે બદલ પોતાને જોઇતો સરસામાન લેઇ આવતા.

તે સરોવર–જેનું નામ આપણે **ડીલામીયર** આપીશું તે–લંબાઇમાં ત્રણ માઇલ અને પોહોળાઇમાં એક માઇલ હતું.

તે નાનાં ગામની બરાબર સામે, એટલે આ સરોવરની પશ્ચીમે આવેલાં પાહાડી ઉંચાણની છેક ઉંચી ટોંચે મજબુત બાંધણીનો એક કીલ્લો આવેલો હતો. જોકે તેને કાંઇ મોટી દીવાલો, યા મોટા મીનારાઓ યા ભયંકર ભોંયરાંઓ અને તેની આસપાસ ફરી વલેલો મોટો બગીચો નહીં હતો, તોબી તે કીલ્લાનાં મગરૂર નામથીજ બોલાતો અને ઓળખાતો હતો. તે એક ઉભા ખડકપર પુર દમામથી ઉભો હતો, જે ખડકનું તળ્યું તેની ૧૦૦ ફીટ નીચે આવેલાં પાણીથી હરદમ અને હમદમ ધોવાતું હતું; એટલે તે કીલ્લાની પછવાડેની એકાદ બારીએથી કાંઇ ચીજ પડે તો તે સીધી સરોવરમાંજ પડે એમ હતું. આ બાજુએ તેનો દેખાવ અસલી, દમામદાર, ડોળા ધુરકતો, અને એકાંત હતો, પણ જમીનની બાજુએથી જોતાં તે વળી ઓરજ હતો; ત્યાં ફેરફાર અને સુધારા વધારાનો હાથ પોતાનું કામ કરી ચુકયો હતો. તેને લગતી કારીગરીમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, બારીઓ મોટી અને પોહોળી બનાવવામાં આવી હતી અને એક સુંદર અગાસીને એક નવીજ ઢપના દીલખુશ બાગમાં ડોકાવતી કરવામાં આવી હતી. જેમ થવુંજ જોઇયે તેમ તે કીલ્લામાં આ રસ્તેથીજ જવાતું અવાતું હતું, અને તેને લગતો રસ્તો પેલી ટેકડીઓ સુધી લંબાયલો હતો; અને તેનેથી લાંબે અને લાંબે એજ કીલ્લાને લગતી જાગીર લંબાયલી હતી. અમારે અત્રે કહેવું જોઇએ કે અસલ આ કીલ્લો **'બ્લાંડફર્ડ કાસ્ટલ'ને** નામે ઓળખાતો હતો, પણ હમો જે વખતની વાત નીચલાં પ્રકરણમાં વાંચક સનમૂખ રજુ કર્યે છીયે, તેની થોડો વખત અગાઉથી તે માત્ર 'કીલ્લા'નાં ટુંકાં અને ટચ નામથી ઓળખાતો આવ્યો હતો.

પેલી ઉભી ઉંચાઇ જેની પર તે કીલ્લો આવેલો હતો, તેની નીચે એક બંધ્યાર ધરમાં બે ત્રણ મછવા બાંધી રાખવામાં આવ્યા હતા, કે જેથી જ્યારે જોઇયે ત્યારે કીલ્લામાંનાં આદમીઓ, તેજ ખડકાલી દીવાલમાં કોતરી કાઢેલા ખાડાની બનેલી ઉભી સીડી મારફતે ખડકને તળ્યે ઉતરી તેંજ હોડીમાં બેસી સરોવરની જે ગમે તે બાજુએ જઇ યા પુગી શકે.

તે ઉપરાંત વળી ઉપલી સીડી મારફતે પેલાં સામેનાં ગામના માછીમારો, તે કીલ્લાના કારભારીને તેમની મેહેનતનું ફલ એટલે તે સરોવરની તાજી તફરડતી માછલી સેહેલાઇથી પુગાડી શકતા હતા.

આવા દેખાવ ઉપર હાલ તુરત તો હમારાં વાંચકોનું ધ્યાન હમો રોકવા માંગે છીયે હમોએ તે કીલ્લા વિષે બોલતાં ભુતકાળ વાપરયો છે, કારણ કે જો કે તે સરોવર હજી

હયાત છે અને પેલી ટેકડીઓની પણ કાંઇક નીશાન જગે જગે દેખાય છે, તોબી તે કીલ્લો તો હાલ ત્યાં નથીજ.

તે દેખાવ જમાનાના જાલેમ દસ્તને એટલી હદ સુધી તાબે થઇ ગયો છે કે આજે ત્યાં એક પથ્થરપર બીજો પથ્થર ગોઠવાયલો સલામત દેખાતો નથી, અને એકવારનું તે ગરીબડું ગામડું આજે એક સુશોભીત નાનાં શેહેરમાં ફેરવાઇ ગયું છે; ત્યારે હવે એ સઘળા ફેરફારની હાજરીમાં હમોને તે કીલ્લા વીશે બોલતાં ભૂતકાળ વાપડવાની ફરજ પડી હોય અને હજીબી પડે તેમાં અજબ જેવું કશું નથી, કારણ કે હમો જે વખતની વાત કર્યે છીયે તે ઇંગ્લાંડના મોજીલા રાજા બીજા ચાર્લસનો વખત છે.

ઇ. સ. ૧૬૮૨ નાં ઉન્હાલાની એક સોહામણી સાંજે એક મનમોહન મનહરણ કુમારીકાં તે કીલ્લાની જે બાજુ **ડીલામીયરના** સરોવર પર ડોકાવતી હતી તે બાજુએ આવેલી એક બારીએ બેઠી હતી.

તે જવાન નારની ઉંમર વીસેકની હતી. તેણીની ખાલેસ ખુબસુરતી તેણીનાં ખાલેસમન અને નીખાલસ હૈયાંની ગોયા આરસીજ હતી. તેણીના દેખાવમાં દમામ, કપાળ પર તોખમ, ભવાં પર તવાજો, આંખમાં માયા અને નરમાશ, હોઠ પર અદબવાળાને બેઠેલી મગરૂરી, એ સઘળાંનું સામટું રાજ તેણીના ચ્હેરા રૂપી તખ્ત પર નજર પડતું હતું. તેણીની ખરી ખુબસુરતીનો ખ્યાલ આપવાને આ નબળી કલમ અશકત હોવાથી નીચલી થોડીક લાઇનમાં પટાવી દેઇ એ જોખમ ભર્યાં કામથી રૂખસદ ચાહીશું:

ચાંદ પેશાંની, જોઇ નુરાંની, ઝલક ફલકની જાય લજાઇ,
દિલની રાની, કંદ ઝબાંની, ગાલોની તારીફ બુલબુલે ગાઇ;
નાખ અન્યારી, નાજ કરનારી, અદબ અંદાજે હુરોબી લાજે,
ચઢી નવ બાહારે, વાલની વેલી, નાગનસમ કાલી સટકે મરડાઇ;
લબની લાલી, આંખો તે કાલી, મુખ મોહનનું ગુન્ચા દહન છે,
શાન ભુલાય સરૂ કદ જોઇ, હાર મોતીની કેરી ભરાઇ;
ભવાં કમાણી કપાલ ઝમકે, છોડે તે પાંપન તીર કયાંની,
જોઇ તે માશુક રાહત આશકની, ગઇ કોણ જાણે કહાં છુપાઇ.

બારી ઉપર પોતાનાં હાથને મરોડદાર ગોઠવી, તેની ગુલાબી હથેલીમાં તેણીએ પોતાનું માથું–હલકું ફુલ જેવું માથું–ગોઠવ્યું હતું, જેમ કરતાં તેણીના લાંબા કાલા વાલ માથાં પરના પોતાના ઢીલા બંધમાંથી, તે નરમ બંદીવાનની ટેકડી કરતા નીકળી પડી, તે સંગેમરમરી હાથ પર વેર વીખેર થઇ પડ્યા હતા, જે હાથની સુફેદી તેણીએ પેહેરેલાં એક પયરહનની ઝુલાઇ પડતી બાંહેના પ્રતાપથી પ્રગટ દેખાઇ આવતી હતી.

એ ઢપે બેસી હાલ તેણી કાંઇ ચોક્સ ચીજને શોધતી હતી યા ખાલી સરોવર તરફ ટીકતી હતી તે કેહેવું મુશ્કેલ હતું. તેણી કાંઇ ઘણાજ ઉંડા ખ્યાલમાં બેઠી હતી, એટલા ઉંડા ખ્યાલમાં કે તેણીના ઓરડાનું બારણું ઉઘડયું તેથી, યાતો અંદર આવતા એક ઉંમરે પુગેલા મરદનાં પગલાંના અવાજ વટકથી તેણી વાકેફ થઇ શકી નહીં.

તે અંદર આવનારની ઉંમર સાહાઠની હતી; તેના સાંધા નબળા હતા–તે લાકડી લેઇને ચાલતો હતો, અને કમરમાંથી સહેજ વાંકો વળેલો હતો. તેનો ચ્હેરો કોઇબી રીતે ખેચાણ કરનારો તો હતોજ નહીં, તેના દેખાવમાં કાંઇક સફાઇ નજર આવતી હતી, અને એટલું તો ચોકકસજ હતું કે એકજ નજરે તેની તરફ ખેંચાઇયે એવી ખુબી જે કેટલાક ચ્હેરામાં જોવામાં

આવે છે તે તેના આખા દેખાવમાં કેહેબી નજર પડતી નહતી. આગલ ચાલ્યે તે અગાઉ કહી દઇયે કે તે ઓરડામાં તે નવો આવનાર કોઇજ નહીં પણ તે કીલ્લાનો માલેક સર માઇલ્સ ફૉર્ટલૅન્ડ હતો, અને બારીએ બેઠેલી પેલી નાજનીન તેની એક પુરી દીકરી હતી. તેની પરણે-તર તેને પરણેલી જીંદગીનું ધણોજ થોડો વાર સુખ દેખાડી એક ગુલાબ જેવી દીકરીની તેને ભેટ કરી સ્હેજમાંજ બેહેસ્ત મુકામ પામી હતી. જે દહાડે સર માઇલ્સે પોતાને એક પનોતી પુત્રીનો બાપ થયલો સાંભળ્યો તેજ દહાડે પોતાને રંડાયલો જોયો.

ફ્લૉરા—કારણ કે તેજ તેની દીકરીનું નામ હતું તે માયની મીઠી માયાથી સદાની અંજાણી રેહેવા પામી હતી; પણ તે ગુજરેલી માતાની ખોટ ચોક્કસ દરજ્જે તેણીની ફુઇએ પુરી હતી, જેણીએ તે નમાયી દીકરીને અંદાજાસરના લાડથી ઉધારી નેકી નીતી અને દીન આઇનના સાચા કાનુનો શીખવી ઉછેરી હતી, અને પોતાની ભત્રીજીને પોતાનાં ખાનદાનને જેબ આપે તેવી ભલી ભલાઇમાં અને ખાલેસ ખુબીવંતી ખુબસુરતીમાં ઉછરેલી ઉધરેલી જોઇ, પોતાની મહેનતનું તે સુભાગ્યવંત ફળ પોતાની બુઢી ચશમે દેખી, પુર સંતોષ વચ્ચે આજથી ચાર વર્ષની વાત પર ગુજર પામી હતી.

અમારી આ વાર્તા માટે હાલ તુરત આટલી ઓળખ અને આટલી શુરૂઆત પુરતી ધારી નીચલાં પ્રકરણથી આપણી વાત સીલસીલા બંધ આગળ ચલાવ્યે.

પ્રકરણ ૨ જું.

બાપ અને બેટી, આગલી પાછલી યાદ.

જો બન્યું આ વાર્તામાં, બનેછ ત્યાં રોજ,
કરજ બાપ કરે તેનો બેટી પર બોજ;
છે બુબખ, છે બાયલો પણ જરદાર જમાઇ,
છે મુરખ હિણાયલો પણ જરદાર જમાઇ.

પોતાની તે વિચારવંત ગંભીર બેઠકમાંથી પોતાનાં ખભાં પર મુકાયલા એક હાથથી ફ્લૉરા ચોંકી, અને તે સરોવર તરફજ ચોટકી બેઠેલી પોતાની ચશમ તે નવા આવનાર તરફ ફેરવી તેણી બોલી "આહ, પીતા તમે છેઓ કે? હું બીહીધી કે કોણ છે?"

"તુંને, મારી દીકરી, એટલા ઊંડા વિચારમાં બેસ્વું કેવું?" સર માઇલ્સે પુછ્યું અને જો કે તેનું તે પુછવું તદ્દન માયાથી ભરપુર હતું, તોબી માય વગરની પોતાની એક પુરી દીકરી પર જે માયા અને હેત તેનો બાપ દેખાડે તેવી માયા અને હેત હાલ તેનામાં નહીં હતાં "તું કેટલા ઊંડા ખ્યાલમાં હોવી જોઇયે, કે મેં તારાં ખભાં પર હાથ મુકયો નહીં ત્યાં વેર તારા ઓરડામાં મારી હાજરી તું જાણી શકી નહીં? જાણે મેં તુંને ખાબમાંથી ચોંકાવીને હુસ્યાર કીધી."

"હું, પ્યારા પીદર?–હું ઉંડા વિચારમાં અને ઉંડા ખ્યાલમાં?" અને જેવી તેણી આ બોલ બોલી કે ઘડીભર તેણીના ચ્હેરાપર શરમાલ રતાસ ચઢી આવ્યો, પણ તે તેણીને તુરતજ છોડી ગયો.

"હા, દીકરી" સર માઇલ્સ તેણીની પાસેજ બારી આગળ બેસ્તાં બોલ્યો "પણ હું ધારૂં છ કે તારા એ ઉંડા વિચારનું હું કારણ સમજી શકું છું, અને તે કારણ તરફ જોતાં તું એવા એકાંત વિચારમાં એકલી મુઝાય એ કુદરતી છે."

ફ્લૉરા પલભાર ચોંકી અને પોતાના પીતા તરફ અજાયબી અને બેચેનીની નજર ફેંકી, પણ આ દેખાવ પલભારજ ટક્યો અને તુરતજ પાછી તેણી શાંત થઇ ગઇ.

"હા, ફ્લોરા," સર માઇલ્સે આગળ ચલાવ્યું "હું તારી દલગીરીનું કારણ સારી પેઠે સમજું છું. ટેકડીઓપર ગરૂડના માળા માફક સલામતીમાં સચવાયલો આપણો આ એકાંતવાસ, તારા જેટલી ઉંમરની એક છોકરીને મનસે મનગમતો તો હોયજ નહીં. વળી આ ભાગમાં આપણાં ઓળખીતાં પાલખીતાં છે એબી ખરૂં, પણ તેઓ એટલાં છુટાં છવાયાં અને દુરદરાજ વસે છે કે તેમને ઘડી ઘડી મુલાકાત આપી તેમની મુલાકાત લેવાને આપણને બનતુંજ નથી. વળી ત્યાં તારી ઉમરની કોઇ તારી સોબતી કે સહી મીતી તને નથી મલતી, તેટલાં માટેબી તું દલગીર હોય, એ બનવા જોગ છે; યાતો કદાચ લંડન જેવાં ધામધુમ્યાં અને બાદશાહી શેહેરમાં જઇ તારા દરજાને છાજતી નાજનીનો સાથે ભેળાવાની તને કદાચ હોંસ થતી હોય."

"નહીં, પીતાજી-નહીં, તમે મારો ખ્યાલ છેલ્લે તો તદનજ ખોટો વાંચ્યોછ-તેવી ઓરતો અને તેવા મેળાવડામાં ભેળાવાનો મને તો સ્વપ્નેબી ખ્યાલ નથી; અને તેવા મેળાવડા અને તેવી મંડળીનું બહારનું સંગીનપણું, અંદરનાં પોકળપણાં તરફ જોતાં મારી સામે એક ખેંચાણ તરીકે જરાબી ટકી શકે નહીં એ સાચુંજ માનજે."

"તુંને આવી રીતે બોલતાં સાંભળી હું કાંઇ થોડો ખુશી નથી; ખરૂં પુછે તો તુંને તેવે ઠેકાણે લેઇ જવાનું મારાં ડાહાપણને યા તો મારી મરજીને કોઇ વખતબી સુઝ્યું નથી, કારણ કે તેવે ઠેકાણે જઇ એક કુમારીકાંએ પોતાને માટે પરણેતરનું નામ ખરીદ કરવા માટે તેણીને ખુબસુરતી અને દોલત એ બંનેની જરૂર છે, તેથી ફ્લૉરા એ બધી વાત ધ્યાનમાં લેતાં, જો કે ભલા રાજવંશીની દરબારને છાજે તેવી તારી ખુબસુરતી અને લાયકાત છતાં મેં તુંને ત્યાંજ રાખવી વધુ ડાહાપણ ભર્યું વિચાર્યું છે, કે કોઇ દાહાડેબીતું આપણાં ઓળખી તાંઓમાંથીજ કોઇ લાયકને તારા ભવિષના ભરથાર તરીકે પસંદ કરી લીયે. હા, મારી દીકરી, હવે એજ વખત નજદીક આવેલો મને જણાયછ કે હવે તુંને કંઠે ગોઠવાયલી હું જોઉં."

"પીતા!" ફ્લૉરા એકદમ ચોંકીને બોલી ઉઠી "એ શું બોલોછ? મને પોતાને તો એ બાબદનો કશો વીચાર છે બી નહીં અને હતોબી નહીં; અને એક બાપ પોતાની એક પુરી લાડકી દીકરીથી છુટો થવા માંગતોજ હોય, એમ તમારાં બોલવાપરથી લાગે છે."

"નહીં ફ્લૉરા, એમ નહીં" તે બુઢો અમીર બોલ્યો "પણ પોતાની દીકરીનાં ભલાં પાછલ ધ્યાન આપવું એ એક બાપની પેહેલી ફરજ છે; અને તેથીજ મને તારે માટે વિચાર આવે છે. હા, પોતાની બેટીને માટે તેણીને લાયકનો એક ખાવીંદ શોધી કાઢવો એ એક બાપની ફરજ—"

"પણ એમ તો તે બેટીનીબી ફરજ છે કે પોતાના બાપનો એકાંતવાસ સોહેવાવાને માટે તેની સાથેજ તેણી રેહે; જેનો તેની એક પુરી બેટી સિવાય બીજો કોઇ સાથી નથી, કે બીમારીની વખતે તેની અચ્છી માવજત કરવા માટે તેની આગલ પાછલ રેહેવા તેની એકલી બેટી સિવાય બીજું કોઇ નથી."

"પણ જો ત્યાંજ, આ ભાગમાંજ કોઇ રેહેનાર જવાન સાથે તું પરણે, તો મારી બીમારીનાં બીછાણાંની આગલની આગલજ રેહે એ તદ્દન બનવા જોગ છે." અને આ બોલ બોલી સર માઇલસ લગભગ એક મીનીટ સુધી પોતાની બેટી તરફ કાંઇ ચોક્કસ ઢપથી જોવા લાગ્યો. "હવે હાલ એ વાત રેહેવા દેવો પ્યારા પિતા" જાણે પોતાના બાપની બીમારીની એ વાતથીજ તેણી બીહીતી હોય તેમ બોલી.

"નહીં, મારી દીકરી," મકકમપણે તેણે જવાબ આપ્યો "જ્યારે આપણે એ વાત

છેડીછ ત્યારે તો તે આપણે આગલજ ચલાવ્યે. મેં ઘણીક વાર આ ગંભીર બાબદ તારી આગલ છેડવાની તજવીજ કીધી, પણ એકુ સારી ટક હાથ કરવાની હું રાહ જોતો હતો;—કારણ કે જે વાત સાથે આપણને વધુ લાગે વલગે, જે બાબદ આપણી જીંદગીમાં મોટો ફેરફાર કરનારી હોય તે વાત મુલતવી રાખવાની–કોઇ સારા વખત યા કોઇ ભલી ટકને માટે મુલતવી રાખવાની–આપણામાં ખુદરતી જીજ્ઞાસા હોય છે."

વળી પાછું ફ્લૉરાએ પોતાના પીતા તરફ બેચેનીથી જોયું અને આ વખતે તેણીની એ બેચેનીમાં કાંઇક ધાસ્તી ભરાતી સંતાતી માલમ પડતી હતી.

"ફ્લૉરા, હવે હું બુઢો થયો છું અને ઘરડી વયની નબળાઇ મારીપર રફતે રફતે ગલબો કરેછ એ વાત મારીથી અંજાણી નથી. મને મારો અત્રેનો ફાની અસબાબ કયારે ઉઠાવવો પડશે તે પરવરદેગાર સિવાય કોઇ જાણતું નથી. અને તેથીજ પ્યારી ફ્લૉરા હું હંમેશની ઉંઘમાં ઉંઘાઉં તે અગાઉ તને કેથે ઠેકાણે પાડી દેવાને એટલો બધો ઇંતેજાર અને આતુર છું."

ફ્લૉરાએ પોતાના બાપનો હાથ પોતાના હાથમાં લીધો અને તેને પોતાના હોઠસે અને આંખોસે દાબ્યો. આ વખતે તેણીનું હૈયું સંભળાય તેમ મોટે અવાજે ઢપકતું હતું.

"રડ ના!, મારી દીકરી, જેમ મારે તેમ આદમી માત્રને મરવું છે. આસપાસનાઓને માત્ર સંભાળ લેવાની એટલીજ કે તેમનું તે વ્હાલું મરનાર તેનાં સુખમાં પોતાનો છેલ્લો દમ ખતમ કરે એટલે બસ. તુંને હું કેથે સુખમાં ગોઠવાયલી જોઉંતોજ હું સુખથી મરશ એમ મને પક્કો ભરૂસો છે. ત્યારે હવે આ બરાબર વખત છે કે મારે તને જે ચોક્કસ ખાનગી વાત કહેવીછે તે–"

"શું પીતા તે વાત શું? તમે મને શું કહેવા માંગોછ" ફ્લૉરા, આંખમાંનાં આંસું નુછી પોતાની કાલી હરણ જેવી ચશમ પોતાના બાપ તરફ ટીકી, બોલી.

"હું તુંને શું કહેવાનો છું? કેહે–કેહવાનું ફકત" અને ત્યાં તે બુઢાના હોઠ તદ્દન ફીક્કા પડી ધ્રુજવા લાગ્યા "કેહેવાનું ફકત એટલુંજ કે હું–હું–છટ મારે તારી આગળ બોલતાં શામાટે શરમાવું જોઇયે? ત્યારે સાંભળ કે હું તું ધારે છે તેટલો તવંગર નથી પણ–પણ તદ્દન ગરીબ છું" અને આ છેલ્લો વાકય પુરો કરતાં તેની ગમે તેટલી હીંમત છતાંબી તેણે ગમનું એક ડચકું ખાધું.

"ગરીબ! વ્હાલા પીતાજી?" ફ્લૉરાએ અજાયબીથી પુછ્યું "શું આ સઘળી જાગીર તમારી નથી?"

"હા, હા, મારી દીકરી, પણ—"

"આહ, ત્યારે હું સમજી, કદાચ એ જાગીર તમારી પછી મને નહીં મળશે; અને તેમબી હોય તો શું મુજાકો છે? પૈસાના લોભ યા બીજા લાભ ખાતર પરણવું યા જ્યાં દીલ નહીં ત્યાં દીલ દેવું તેના કરતાં તો નિરદોષ ગરીબાઇમાંજ રેહેવું વધારે સારૂં છે."

"નહીં બેટી, તારી એ અટકળમાં તું ભુલે છ. મારાં મોત પછી તારીથી એ જાગીર છુટી પડવાની નથી. એટલે મારૂં કેહેવું એમ છે કે જો તે કરજથી નીરાલી હશે તો તે તારીજ થશે."

"ત્યારે મને પરણાવવા બાબે એટલી ઉલટ અને ઉતાવલ શાની?"

"સાંભળ ફ્લૉરા, હું જે કહુંછ તે ધ્યાનથી સાંભળ; તું એટલું તો જાણેછ કે આપણાં સ્કૉટલૅન્ડના ખાનદાનની મગરૂરી અને તોરને અનુસરી હું જવાનીથીજ આપણા રાજાની તરફદારી કરતો આવ્યો છું, અને તેથીજ આપણા પેહલા ચાર્લસ તરફથી લડવાને એક મોટું લશ્કર ભેગુ કરવામાં મેં મારી દોલત ગુમાવી. તે લશ્કરે મારી સરદારી હેઠલ ઘણીબી લડાઇ મારી, પણ અંતે હમારીજ હાર થઇ અને ચાર્લસને ફાંસી દેવામાં આવ્યો. જે વર્ષે ચાર્લસને ફાંસી

દેવામાં આવ્યો તેજ વર્ષે મેં પોતાને એક ભીખારી થયલો જાણ્યો. ત્યાર પછી પાર્લામેન્ટનો અમલ શુરૂ થયો. જે અરસામાં મને દેશનીકાલ કરવામાં આવ્યો અને મારા તે દેશનીકાલ-માંબી હું આપણાં રાજનેજ વફાદાર રહ્યો. દેશે દેશ ભટકતાં હું ભુખે મરતે પણ એક માસ્તર તીલબર્ન, જે અગાઉ આપણા રાજાને નાણું ધીરતો હતો, તેની સાથે મને પીછાણ પડી. તે મને નાણું ધીરવા લાગ્યો, અને જેમ એવાં બધાં કરે તેમ પોતાનાં નાણાપર તે રાક્ષસી વ્યાજ ચોટાંડતોજ ગયો, અને ઇ. સ. ૧૬૬૦ માં જ્યારે હું આ કીલ્લાનો અને તેને લગતી જાગીરનો એકલો અને અચુક ધણી થયો, ત્યારે મેં પોતાને માથાંથી તે પગવેર કરજમાં ડુબેલો જોયો. તેને આજે બાવીસ વર્ષ થયાં છે અને મારી આવક કરતાં મારો ખરચ વધારે હેવાથી, માસ્તર તીલબર્નનું દેવું હું ફીટાડી શકયોજ નહીં. બુઢો માસ્તર તીલબર્ન પોતાને ગામથી ઑારોડેલમાં આવી રહ્યો. તે કાંઇ મારીપર ચોકી રાખવા નહીં પણ એતેફાક તેણે ત્યાં કાંઇ જમીન ખરીદી તેથી તે ત્યાં આવી વસ્યો. અને જો કે તેનાં મોતલગી હમો બે અચ્છા દોસ્તો હતા, તોબી તે પોતાનાં કરજનાં પેટામાં દરસાલ વ્યાજ ચઢાવવાને ભુલતો નહીં; અને હવે ફ્લૉરા તું શ્યાણી હોવાથી સમજી જશે કે આપણો આ કીલ્લો અને જાગીર મારગે-જમાં કેટલી હદ સુધી ડુબા ડુબ છે.”

“પણ તે બુઢાનાં મરણથી તમો તમારી હાલતમાં તે કરજ બાબે ફેરફાર થયલો જુવો છો? શું તેનો દીકરો પૈસાની ચાંપતી ઉઘરાણી કરેછ?”

“નહીં, નહીં,” સર માઇલ્સ બોલ્યો “તે તેવું કશું કરતો નથી, અને તોબી તેણે મને જે કહ્યુંછ તે વાજબી છે. તદ્દન બરાબર છે!” અને વળી પાછું તેણે પોતાની બેટી તરફ ટીકી ટીકીને જોયું. “ત્રેસી એક લાયક ગૃહસ્થ છે, અને—”

“ત્રેસી, એક ગૃહસ્થ?” તેણી બોલી ઉઠી “વ્યાજ ખાઉનો બેટો એક ગૃહસ્થ કેહે-વાય? મારાં ફુઇ તો મને કેહેતા’તાં કે—”

“છોકરી, એ શું બોલે છ?” સર માઇલ્સ લગભગ ચીરડાઇને બોલ્યો “આજે આપણે એક એવા જમાનામાં વસ્યેછ કે જે જમાનામાં દોલત તેજ તોખમ છે. જેની પાસે જર અને જમીન ઘણી, પછી તે ગમે તેવોબી પોતાની ઓલાદને માટે ઓસ્કાતો હોય કે બુન્યાદને માટે બીહીતો હોય તોબી તે ઉંચ તોખમનો અને ભલી ઓલાદનો કેહેવાય છે—વાસ્તે દીકરી, ત્રેસી તીલબર્ન તરફ તારે એટલો તિરસ્કાર રાખવો નહીં જોઇયે. તેથીજ ઉલ્ટું જ્યારેબી એ હ્યાં આવે ત્યારે તેની સાથે તારે જરા વધુ નરમાસ અને સાધારણ કરતાં વધુ સભ્યતાથી વર્તવું જોઇયે.”

“પિતાજી?” તે જવાન નાર પોતાના બાપનું આ બોલવું સાંભળી ચોંકીને બોલી પડી અને પછી સાંજના ડુબતા છાંયામાંથી પોતાના બાપનો ચ્હેરો તેણી ધ્યાનથી જોવા લાગી.

“આહ! એ સરોવર પર બતી શાની?” તેણે ચોંકીને પુછ્યું.

“બતી?” અને કાંઇક ચોંકીને ફ્લૉરાએ સરોવરની તે સપાટી પર પોતાનું ધ્યાન રોકયું.

“હા, ફ્લૉરા જોની પેલી બત્તી, દેખાયછ કે?”

“ખરેખર, પીતા. હા, બરાબર એક બતીજ છે.”

“આહ! હવે મારી ખાતરી થઇ”

“શાની ખાતરી પપા?”

“કે મેં તે બતી અગાઉબી જોઇ હતી એવી અટકલ મારી આજે ખરી પડી છે.”

“જોવ તે બતી ગુમ થાયછ” ફ્લૉરા ધ્રુજતે સાંદે બોલી “પણ એમ બોલવામાં તમારી મતલબ શું છે કે—”

"એમ ના ધારતી મારી દીકરી કે હું બીહીકણ યા વ્હેમી છું, અને પેલા સામેના માછીમારો જે વ્હેમ માનેછ તે વ્હેમ હુંબી માનું છું. નહીં! થોડા મહીના થયા મને લાગેછ કે એજ પ્રમાણે સરોવરપર એ બતી મેં ત્રણ ચાર વાર જોઇ હતી, અને તે બતી એજ પ્રમાણે થોડો વાર દેખાઇ ગુમ થઇ જતી હતી. એ કોઇ માછીમાર પોતાની જાલ નાંખતો હોય યા તો કાંઇ લોભમાં આંધળો બની તળાવનું તળ્યું શોધતો હોય. હા–તેમજ હશે!"

"શું હશે, પપા?" ફ્લૉરાએ પુછ્યું.

"કે તે માછીમાર, પેલો ડુબેલો દાબડો શોધવાનાં ફાંફાં મારતો હશે. બાકી આ વખતે કોણ માછલાં મારે? અને માછલાં મારે તો વળી તેટલા માટે બતીની કાંઇ અગત નથી. આહ! બીચારાની મહેનત પાણીમાં જવાની; કારણકે તે દાબડો મેળવવાના ફાંફાં મારીને હું ઘરડો થયો પણ—"

"શું પીતા તમેબી તે દાબડાની શોધ કરતા હતા?"

"અલબત્ત, મારી દીકરી, પહેલ વહેલો હું જ્યારે કીલ્લાનો માલેક થયો ત્યારે તે ડુબેલો દાબડો મેળવવાની મેં ઘણી તજવીજ કીધી હતી; અને તેમ હું નહીં કાંય કરૂં?"

"મને નહીં ખબર બાવાજી કે તમોને તે મળે તો તે દાબડામાંની મિરાસ તમારી થાય. હું તો જાણું કે તમોને બાદશાહી બક્ષેસ ફક્ત કીલ્લાની અને આ જાગીરનીજ હતી અને—"

"પણ તું ભુલી જાયછ દીકરી કે હું બ્લાંડફર્ડના કમનસીબ ખાનદાનનો હક્કદાર વારેસબી છું."

"બેશક, પ્યારા પીતા તે વાત મારાં ધ્યાનમાં નહીં હતી અને ખરૂં પુછો તો તે દુઃખદાયક બનાવ પર આપણે એટલાંતો કવચીતજ વાત કર્યેછ અને જ્યારે વાત કર્યેછ ત્યારે તે બનાવજ મારાં દીલમાં એવી ધ્રુજરી પેદા કરેછ કે તેને લગતી કશીબી બારીકીથી માહીતગાર થવા મને ગમતુંજ નથી, અને વળી એ વાતને માટે જરા હું શકમંદબી હતી કે તે વાત ખરી હોવા કરતાં કોઇ ખ્યાલી મગજમાંથી વણાઇને બાહાર પડેલી તે માત્ર કલ્પીત વણત હશે."

"નહીં ફ્લૉરા મારી પર તે વીંટેલું સઘળું ખરૂંજ હતું. તેમાંનો એકબી બોલ ખોટો નથી અને એ વાતથી તું પુરેપુરી વાકેફ થાયતો સારૂં કે કદાચ કોઇ નીંદક જીભબી તારા બાપનું નામ કાંઇ ખરાબ આકારમાં પુકારી ચુકી હોય, અને તું—"

"નહીં, કદી નહીં!" ફ્લૉરા વચ્ચે બોલી ઉઠી "હું એવી વાત સાંભળુંબી નહીં!"

"ઠીક, પણ એવી વાત કદાચ તારે કાને આવે, ત્યારે તે વાતનો પુરેપુરો ઇન્કાર કરવા જેવી હાલતમાં હેવાને માટે તારે એ વાતથી બરાબર વાકેફ થવું જોઇયે. ત્યારે સાંભળ:

"હું અને કર્નલ બ્લાંડફર્ડ બન્ને પિત્રાઇ હતા; અને હમારી બચગીમાં હમો એકજ સ્કુલે જતા, અને હમો બેઉ ઇષ્ટ મિત્રો હતા; હમારાં મોટપણનાંબી થોડાંક વર્ષ હમોએ લશ્કરી નોકરીમાં સાથેજ કાઢયાં હતાં. ત્યાર પછી તેનાં બાપનાં મોતે તેને આ કિલ્લાનો અને જાગીરનો કબજો લેવા બોલાવ્યો અને—"

"ત્યારે એ કીલ્લો બ્લાંડફર્ડ કાસ્ટલને નામે ઓળખાતો હતો ની?"

"હા, ત્યારપછી થોડાંક વર્ષ વહી ગયાં, જે અરસામાં હમો એકમેકને મલ્યાજ નહીં; ત્યાર પછી આપણા રાજા ચાર્લેસ અને પાર્લામેન્ટ વચ્ચે લડાઇ જાગી અને હું મારી પોતાની નોકરીનો સબ્યારો આપવા આપણા રાજા આગળ ગયો, મને મારો પીત્રાઇ લંડનમાં મલ્યો જે પણ ત્યાં આવ્યો હતો, પણ મારીથી જુદાંજ કારણસર! તે પાર્લામેન્ટની તરફદારી કરતો હતો. મેં મારા એ પીત્રાઇને ઘણું સમજાવ્યું પણ ફોકટ. આ પ્રમાણે રાજદ્વારી વિચારોમાં હમો જુદા પડયા અને દોસ્તી તુટી, તે તુટવા સાથે ગોયા હમો વચ્ચેના સગપણમાંબી અંતર પડયો.

"થોડાજ વારમાં લડાઇ જાગી. મેં રાજાની તરફેણમાં મારી તરવાર ખેંચી અને બ્લાંડફર્ડ મારી સામે બાહાર પડયો. બ્લાંડફર્ડે પોતાને ખરચે એક લશ્કર ઉભું કીધું અને ક્રોમવેલે તેને તે રીજમીટનો કર્નલ બનાવ્યો. પાર્લામેન્ટની જીત થઇ અને ઇ. સ. ૧૬૪૯ માં કમનસીબ ચાર્લસને ગરદન મારવામાં આવ્યો. ત્યારપછીનાં અગ્યાર વર્ષ મેં તને કહ્યું તેમ મારે માટે ભુખમરાનાં અને હેજગારીનાં શુરૂ થયા."

"તમારા પીત્રાઇએ તમને કાંઇ મદદ કરવા માંગી હશેની?" ફ્લોરાએ ધ્રુજતે સાદે પુછયું.

"હા, તેને ઇન્સાફ આપવા ખાતર મારે કેહેવું જોઇએ કે તેણે એક કરતાં વધુ વાર મને મદદ આપવા કહી, પણ તે મેં ના પાડી. હમારા વચ્ચે કશો સંબંધ રહ્યોજ નહીં. જે રાજાને દગલબાજ અને બેવફા થયો તેની પાસે હું કાંઇબી ચીજ માંગી શકયો નહી. ટુકમાં રાજાનો પાસો પાછો સીધો પડયો અને પેલા કમનસીબ ચાર્લસનો બેટો ગાદીપર આવ્યો. હવે કીનો અને ખુનામરકી શુરૂ થઇ, દગલબાજોની ધરપકડ અને તેમની જાગીરો જપત થઇ તેમાં કર્નલ બ્લાંડફર્ડ પકડાયો અને તેની જાગીર ઝુંટવી લીધામાં આવી.

"પણ તમે પ્યારા પીતા, તમે તેની તરફથી વચ્ચે કાંય નહીં પડયા?"

"તેની તરફથી રાજાને સમજાવવાનું મેં કશું બાકી નહીં રાખ્યું" અને આ વાકય બોલતાં સર માલ્કમના અવાજમાં કાંઇ અજબ જેવો ફેરફાર જણાયો. "હા, મેં તેની તરફથી ઘણીબી બાઠ ભીડી પણ ફોકટ. તું જાણેછ મારી બેટી કે નવા આવેલા રાજાનું લોહી પોતાના બાપનાં ખુનનો પુરેપુરો કીનો લેવાપર એટલું તો ઉકળેલું હતું કે તેને તેવાં કાંઇક કામથી વાળવો તદનજ મુશ્કેલ થઇ પડયું હતું.

"જો કે બ્લાંડફર્ડની તરફદારી કરવામાં તો હું નિષ્ફળ થયો, પણ તે વિશેની મેં તેને આગમજથી ખબર પુગાડી. પણ તે મારી ખબરથી તેને મલેલી અચ્છી ટક તેણે હાથ કીધી નહીં, અને જો તેણે ત્યાંથી ન્હાસી જવાની કાંઇબી તજવીજ કીધી હોય તો તે ઘણીજ ધીમી કીધેલી હોવી જોઇયે, તોબી તેણે મારી ખબરનો થોડોબી લાભ લીધો ખરો; તેણે તુરત પોતાની અસ્કેયામત એકઠી કીધી, ધીરેલાં નાણાં વસુલ કીધાં અને એ સઘળું એક દાબડામાં મુકી નાહાસી જવાને તે તદન તૈયાર થયો.

"ત્યાર પછી જુન મહીનાની અધવચમાં એક ખુશનુંમાં દીવસની એક બપોરે, આજથી બરાબર બાવીસ વર્ષની વાત પર રાજાના સવારોનાં એકાયક ત્યાં આવી પુગવાથી કીલ્લાનું એકે એક આદમી ચોકી ઉઠયું.

"કિલ્લામાંથી તેના રસ્તાની બાજુએ નાહાસવું મુશકેલ થઇ પડયું; પણ પેલી ખડકમાંની સીડીને રસ્તે મછવા મારફતે નાહાસવાની આશા માત્ર રહી. તે રસ્તે નાહાસવાની દરેક તૈયારી કરવામાં આવી, પણ આહ! તેમનાં દુઃખ અને દલગીરી વચ્ચે તેઓએ જોયું કે મછવા સઘળા દુશ્મનોએ લઇ લીધા હતા અને જેમ આગલી ગમ તેમજ પાછલી ગમનો રસ્તો તેઓએ બંધ કરી નાખ્યો હતો; બીજી ગમથી કર્નલ બ્લાંડફર્ડે પણ બારી બારણાં મજબુત જકડી લેવાડયાં—અને જાણે તે કીલ્લાપર થોડીક પલનો ઘેરો નખાયો."

"એમ ને એમ રાત પડી અને રાજાના સિપાહીઓએ વળી પાછા હુમલો કીધો. તેઓએ એક ગંજાવર ઝાડ કાપી કાઢયું, અને સઘળું જોર એકઠું કરી તેને બારણાં સામે અફાળી બારણું તોડી નાંખ્યું. તુરતજ કર્નલ બ્લાંડફર્ડ એક સીંહની માફક છેડાઇ પોતાના નફરો સાથે તેઓ સામે લડવા બાહાર પડયો. દુશ્મને તેને તાબે થવા કહ્યું જે તેણે ધસીને ના પાડયું કે બીજીજ પલે એક ગોળાથી ઘાયળ થઇ તે પડયો. તુરત તે દેખાવ આગળથી કર્નલને ખસેડી લેઇ જવામાં આવ્યો—હજી તે જીવતો હતો. તેને આજ ઓરડામાં લેઇ આવવામાં આવ્યો હતો."

"અહીં!," પેલી નાજનીને ધ્રુજતે સાદે બોલી "મને ખબર નહીં."

"મેં એ સઘળી વાત તેનાજ એક નોકરથી સાંભળી; ત્યારપછી શું બન્યું તેથીબી તે માહીતગાર હતો. બ્લાંડફર્ડ, જે પોતાની મોહોરદાર કે જેને ફકટ ત્રણ વર્ષ થયાંજ પરણ્યો હતો, તેને હેતથી ભેટયો; પોતાના બે વર્ષના નાના બુચા અરબાનને તેણે છાતીસે દાબ્યો અને પોતાના સાળા માઇકલનો હાથ પોતાના હાથમાં લેઇ તે બોલ્યો: 'જા, તારી બ્હેન અને ભાણેજને લેઇને તું ત્યાંથી નાહાસ, કારણકે હવે મારો દમ આખેર થાયછે, થોડીજ પલમાં સઘળું થઇ ચુકશે અને શત્રુના હાથમાં હું કાંઇ જીવતો આવનાર નથી. જલ્દી કર, જા, પણ આહ! આ દાબડો લે અને તેની મદદથી મારાં આ વ્હાલાં જીગરોને સાચવજે!' કર્નલ આ સઘળું બોલી રહ્યો અને તે પાછો સુતો કે તેનો જાન ત્યાંજ તૈયાર ઉભેલા મૌતના ફીરેસ્તાને તાબે થઇ ગયો."

"ગરીબ બીચારી વિધ્વા!" ફ્લૉરા બોલી, "આ દુઃખનો ડુંગર ખમવાને તેણીને કેટલી હીંમત રાખવી પડી હશે?"

"પણ તેણી ઘણી હીંમતવાલી ઓરત હતી, અને તેણીની હીંમતપરજ તેમની સલામતીનો આધાર હતો. એકબી મીનીટ હવે ખોહોવાની રહી નહીં. જેવું હાલ છે તેવું તે વખતે અંધારૂં થઇ રહ્યું—અને તે અંધારાંની પાંખ હેઠળ છુપાઇને તુરતની બનેલી તે વિધ્વા પોતાના નાના અરબાનને કેડે લેઇ પોતાના ભાઇ માઇકલ અને બે વફાદાર નોકરો સહીત એક છુપે રસ્તે તે કીલ્લામાંથી નીચે ઉતરી પડી. એક મછવામાં તેઓ ગોઠવાયાં જે તુરતજ તે સરોવરની સપાટી પર સડસડાત સરી ગયો.

"પેલો દાબડો ભુલી જવામાં આવ્યો નહીં હતો. બાદશાહી લસ્કર બ્લાંડફર્ડનાં મુઠીભર આદમીઓપર ફાવ્યું અને તેઓએ તે કીલ્લાનો કબજો લીધો અને ત્યારેજ તેઓએ જાણ્યું કે કર્નલની બૈરી અને છોકરો ત્યાંથી ન્હાસી ગયાં હતાં. સરોવરને જુદે જુદે કીનારે ઉભેલાં લસ્કરને કીલ્લાપરથી જીતની નીશાનીઓ કરવામાં આવી અને તેઓ તે નીશાની જોઇ પોતાની હોડીમાં બેસી કીલ્લા તરફ આવવા ધસ્યા.

"તુરતજ તેઓમાંની એક હોડી તે અંધારામાં ત્યાંથી આવતી એક બીજી હોડી સાથે મજબુત અઠડી. તુરતજ એક ઓરતની ચીચારી સંભળાઇ. કેટલાંકોએ જીવવા માટે તરફડ્યાં માર્યાં અને બધે ગડબડ થઇ રહી, અને જે હોડી ઊંધી વળી તેમાંનું એકેએક આદમી તે સરોવરને તળે ગયું. કેહેવાની કાંઇ જરૂર છે કે જે હોડી ઉંધી વળી તે હોડીમાં મારા પિત્રાઇ બ્લાંડફર્ડનું નાનું કુટુંબ હતું! તેમની સાથે તે દાબડોબી સરોવરને તળે પુગ્યો."

સર માઇલ્સ જરા ઠાક ખાવા અહીં થોભ્યો, પછી ફ્લોરા બોલી, "પણ તે કમનસીબ લોગનાં શરીરબી મલ્યાં કે તેબી નહીં?"

"હું નહીં ધારતો, પણ મને એટલી ખબર છે કે તે કમનસીબ ઓરતની લાસ મલી આવી હતી, કારણ કે તેણીને તેના ધણીની પાસેજ દફ્ણ કીધેલી આપણે હાલ જોઇયે છીયે. મારે મનસે તે ઘણી પવિત્ર ફરજ મેં બજાવેલી હું સમજું છું. કીલ્લો અને જાગીર રાજાએ જપ્ત કીધાં અને તે સઘળું તેણે મને બક્ષ્યું અને તેનો કબજો લેવાનો મને હુકમ થયો. એ પ્રમાણે એ જાગીરનો માલેક કેહેવાવાનો એક વારેસ કરતાં મને વધારે હક્ક છે; અને પેલો ઝવેરનો દાબડો જો મને મલ્યો હતે તો ખાતરીથી માનજે કે તે મારો પોતાનોજ કેહેવાતે."

"બેશક પીતાજી, જે ધ્રુજતા સાદ અને અવાજે તમે મારી આગળ આ વાત કીધી છે તે પરથી હું બરાબર ખ્યાલ કરી શકુંછ કે તમને તેમના આ કમનસીબ પર કેટલો સંતાપ થતો હશે?"

"અને તોબી નિંદક જીભલીનો દાગ નથી," તે અમીર બોલ્યો. "નિંદાખોરો મારા

પિત્રાઇ તરફની મારી વર્ત્તણુંકને ગેરવાજબી અને દગાખોર કેહેવાને ચુકતા નથી. એવી વાતની મેં દરકાર કીધી નથી. તોબી તેવી વાતનો જરાબી વા તારે કાને વાય, તેને ધીટકારની ફુંકથી કેમ ફુંકી નાંખવો તે તુંને શીખવવા માટેજ આજે મેં આ બીના તને કહી સંભળાવી છે."

તેજ પલે વાદલની અંધારી ફાડી તેમાંથી ચંદ્રમાં પ્રકાશ્યો કે બધે ઝલઝલતી રોશની પંથરાઇ રહી. તે સરોવર ગોયા જાદુઇ રોશનીથી ચમકી રહી રૂપાંની માફક ચલકવા લાગ્યો; અને તે કીલ્લાથી થોડેક દુર તે સરોવરની સપાટીપર એક હોડી જણાઇ.

તે હોડીમાં એક આકાર જણાયો, અને તે બન્ને બાપ દીકરીને તે કીલ્લાની બારીમાંથી તેનો ચહેરો વટીક જોઇ લેવાને માટે તે ચાંદરણું પુરતું હતું.

"આહ!" સર માઇલ્સ બોલી ઉઠયો "એ તો તેજ જવાન માછીમાર છે કે જે હાલ થોડુંક થયું સામેનાં ગામડાંમાં આવી રહ્યો છે. તે દાબડો નદીને તળાયેથી ખેંચી કાડવાનાં તે ફાંફાં મારે એમાં અજબ જેવું કાંઇ નથી, કારણ કે મારા વિચાર પ્રમાણે અહીંનો કોઇ જુનો રેહેવાશીતો કદી—"

"પણ કાંય-કાંય-તમે—" અને અહીં ફ્લૉરા પોતાના બાપને કાંઇ સવાલ પુછવા જતી હતી પણ અધુરેજ અટકી પડી.

"દીકરી, તું મને શું કેહેતી હતી? હા, પણ જો, એકાએક ચાંદરણું પડવાથી પોતાની એ શોધને માટે તે શરમાઇને ચોંકેછ. અરે પણ આપણને સલામ કરવાની તેની બેઅદબી જોઇ કે?"

અને ખરેખર તે જવાન માછીમાર પોતાને જમણે હાથે પોતાની ટોપી ઉંચકી તેમને સલામ કરતો પોતાના ડાબા હાથમાં પકડેલાં હલ્લેસાં વટી તે સરોવરની સપાટીપરથા પોતાનાં ગામ તરફ ઝડપથી નીકળી જતો હતો.

(પ્રિય વાંચનાર, એક ગરીબ આદમી એક તવંગરને સલામ કરે તેમાંબી બેઅદબી ખરી કે? સર માઇલ્સને ખબર નહીં હશે કે જે વખતે તે પોતાની બેટી આગળ પોતાની ભીખારી અવસ્થા જાહેર કરેછ, અને પોતાના કીલ્લાને અને જાગીરને કરજમાં ડુબાડુબ અને નિશાળે બેસાડેલાં જણાવેછ, ત્યારે તે ગરીબ માછીમાર પોતાની ગરીબીમાંજ કેટલો સુખી અને સંતોષી હશે? ગરીબ તવંગરને સલામ કરે તેમાં બેઅદબી? હેંકરાઇ અને તેંકરાઇથી તણાઇ તુટતા તવંગરો! તમને થોડીજ ખબર હશે કે હજારો આફતથી કંટાળી કરતન સાથના છતરપલંગપર તમારૂં બેચેન માથું ગોઠવતા હશો તે વખતે તમારીજ ખફગીમાં આવેલો એકાદ ગરીબ ગામડયો દોરડાંથી તાણેલી પોતાની ખાટલીપર કેટલો નચીંતે ગોઠવાતો હશે?

"સાહેબ ખાનું તૈયાર છે" એમ એક નોકરે આવીને જાહેર કરતાંજ તે બાપ દીકરી તે ઓરડામાંથી ચાલતાં થયાં.

પ્રકરણ ૩ જું.

મોહોબતી મિલાપ.

જગમાં છે સરજાયલું મોબતનું રાજ,
તલપેછ જો સૌ પેહેરવા મોબતનું તાજ,
જો કેટલાને પાડેછ પાર મોબતનું ઝાજ,
જો કેટલા થાયછ આફતને તાબે તારાજ.

ચેડા છોકરાઓ અને ચેડી છોકરીઓ! આ જમાનાની તમારી મોહબત એ તમારા નિરદોષ જીવને એક આફત સમાન છે. એ તમારી બચગીનાં ચેડાં છે, પરવરદેગારથી

સજાયલી તે મીઠી માયાવંત મોબતની મશ્કરી માત્ર છે. તે જવાનીનાં ચેડાં અને જધ-ફીની જંજાલ છે.

જે દિવસે આપણે તે બાપ બેટીને સાથે વાત કરતાં જોયાં તેની બીજે દાહાડે સહવારે, ત્રેવીસથી ચોવીસ વર્ષનો એક જવાન સામેનાં ગામમાંથી નીકળી સરોવરને કીનારે બાંધેલી એક હોડીને પાણીમાં ઝોંકાવી પોતે તેમાં બેઠો. ત્યાં બાંધેલી સર્વે હોડી કરતાં તે વધારે સ્વચ્છ અને સરસ રંગેલી હતી. માછલાં પકડવાની તેની જાલ વીગેરેની બાબતમાં ત્યાંની બીજી બધી હોડી કરતાં તે સર્વેથી ચઢયાતી અને શ્રેષ્ટ હતી. અને તેપરથી એમ જણાતું હતું કે તેનો માલેક પણ તે ગામનાં બીજાં બધાં રહીશો કરતાં પોતાની હાલતમાં વધુ ચઢયાતો હોવો જોઇયે.

તેનો પોશાક સાદો પણ સોજજો હતો. તેનો ચ્હેરો ઘટમદાર અને ખુબસુરત હતો. તેનીપર ભોલૈ અને પ્રમાણીક એખલાસનો ખુલ્લો છાપ હતો; અને તેનો રંગ તડકાંએ જરા સાંવળો મારી ગયો હતો. તેના વાલ ખુદરતીજ કરચલી વળેલા અને લાંબા હતા. તેના હોઠપર ઝીણી મુછનો કાલાસ તેનાં મોહમાં ગોઠવાયલા મોતી જેવા સુફેદ અને દાડ-મની કલી જેવા સીધા દાંતની સફાઇ સાથે હરીફાઇમાં ઉતર્યો હતો. તે તે ગામમાં ફકત ચારેક મહીનાનો આવી રહ્યો હતો, જ્યાં તે હયુબર્ટ ફૉરેસ્ટરનાં સાદાં અને સેહલ નામથી જણાયલો હતો.

તેના ચાલાક અને ચબરાક હાથથી તે હોડી સરોવરની સપાટી પર સડસડાત સરતીજ ગઇ. સરોવરની વચમાં પુગતાં જાલ નાંખવાની તેણે કશી તૈયારી કીધી નહીં પણ તે હોડીને જરાક વાંક આપી તેને ઉતર તરફ ફેરવી, જ્યાં તે સરોવર જરા સાંકડો થઇ પોતાનાં રૂપેરી પાણીથી, લીલાં ઘાસોથી ભરેલી જમીનના એક ટુકડાને ધોતો હતો. એ સાંકડા ભાગમાં તેની હોડી આવી પુગી કે હ્યુબર્ટ કુદી પડયો, અને ત્યાં ઉગેલાં સેંકડો ગીચ ઝાડોમાં દોડી ગયો. સામે ઉભેલી એક ઓરતને જોતાંજ તેનો ચ્હેરો ખુશીથી ચમકયો અને જરા પગ ઉંચકી વધુ ઝડપથી ચાલતાં તે, જેણીને ત્યાં મલવા આવ્યો હતો તેનીજ નજીક તે જઇ પુગ્યો.

જેવો આપણો આ જવાન તેની વાત જોતી ઉભેલી તે નાજનીનના પગ આગલ ગુડણ મંડયે પડયો કે તેણીના ગાલ પરતું ગુલાબ શરમ, મર્યાદા અને સંતોષની ભેગી લાગણીથી વધુ લાલ થઇ ગયું. તેણે તેણીનો હાથ લીધો અને માનથી તેને પોતાના હોઠોસે દાબ્યો.

"ઉઠ, હ્યુબર્ટ ઉઠ" તે નાજનીન બોલી "એમ મારો યકરાર સાંભળ્યા પછી તારે એમ ગુંઠણ મંડયે પડવું ઠીક નહીં."

"આહ! તે મીઠો મોહોબતી યકરાર કે જે યકરારે મારા મુવેલા જીવને સજીવન કીધો—નીરાશીની નાવમાં તણાતી મારી છાતીને આશાનું હલ્લેસુ આપી ઉમેદના દર્યાવમાં તરતી કીધી—તે યકરાર કે જે મારે કાને પડતાંજ મારી જીંદગીને નવુંજ જોર આવ્યું, અને મારા જનમ પછીની તેજ ઘડીને હું ભાગ્યશાળી કહુંછ કે જે ઘડીયે તારા તે યકરારે મારી આગળ જાહેર કીધું ફલૉરા કે તું મને ચાહેછ, જાનથી, જીગરથી ચાહેછ."

"હા હ્યુબર્ટ, મેં તુંને મારાં દીલનો ભરમ જણાવી દીધો છે; તેમાં મને લાગેછ કે મેં કાંઇક ખોટું કીધું છે, કારણ કે તેમ કીધાથી મારો પીતા જેને મારે માટે જરાબી વ્હેમ નહીં તેને મેં ઠગ્યો છે!"

"બાંતું," હ્યુબર્ટ કાંઇક ગંભીર અવાજે બોલ્યો અને તેજ પલે તેના ચ્હેરા રૂપી આ-સ્માનપર ગોયા ગમનું સીહા વાદળ ફરી વળ્યું, "બાનું, પછવાડેના પાક્કા વિચારેથી તમો તમાર; આ પગલાં માટે પસ્તાતાં હોવતો બેલાશક પાછાં હઠો: તમારો યકરાર આજની મારી મત, નહીં, પણ તે તમારી મતા સમજજો. હું તમોને ખરાં જીગરથી ચાહુંછ કે બાપ તરફની તમારી

નાફરમાની યા નાતાબેદારીના દિલમાં વસ્તા દગદગાથી તમારાં દીલને દગદગવા યા દુઃખી થવા દેનાર નથી!"

"હ્યુબર્ટ, તુંને શું એવી બ્હીક જરાબી નથી કે એક બાપની નાફરમાન બેટી તાબેદાર પરણેતર કેમ થઇ શકે?" ફ્લૉરાએ ધ્રુજતે સાદે પુછ્યું.

"નહીં, ફ્લૉરા–નહીં! સદ હજાર વખત નહીં! જો તું તારા બાપને નાફરમાન થઇ હોય તો મારી પરના તારા તેજ પ્યારને ખાતર છે કે જે પ્યારને હું આજની ઘડી સુધી સાચ્ચો અને સ્વચ્છ માનતો હતો અને હું એમ સત યકીનથી ધારતો હતો કે તેવી ઘડી હું કદીબી જોવાને જીવીશ નહીં કે જે ઘડીએ મારી પરના પ્યારને ખાતેર તું પ્યારી પસ્તાવો કરશે."

"આહ, મારા પ્યારને માટે તું વ્હેમ ના લાવ, હ્યુબર્ટ!" ફ્લૉરા બોલી અને પોતાનું નીચે ઝુમાવેલું માથું ઉંચકી પોતાનાં તુરમંદ નેણ ટીકી તેની સામે જોવા લાગી.

"જો હ્યુબર્ટ, હું તારી સામે જોવાને જરાબી શરમાતી નથી અને આપણી વચ્ચેના ગરીબાઇના અંતર કાઢી નાખવાની તારી મેહેનત તદન ફોકટ—"

"કઇ મેહેનત? એ તું શું કહેછ, ફ્લૉરા?"

"ગેઇ રાતે સરોવર પર તરતી તારી હોડીમાં તુજ હતો કેની?"

"હા," તે જવાન બોલ્યો "હંમેશ સાંજે મારી હોડીમાં હું ફરવા નીકળુંછ કે તું મનમોહન માહરુબનો મુખડો ગમે તેટલો દુરથીબી દેખી મારાં દીલને સંતોષ અને ધીરજથી નિવાજું."

"તારા આ બોલોને માટે તારો ઉપકાર માનુંછ, પ્યારા હ્યુબર્ટ, પણ તારી હોડીમાં તું કોઇ કોઇ વાર બતી લાવેછ તેની મતલબ શું?"

"વાદલ ચઢી આવે યાતો સાંજની વખત ધુમસ ગલબો કરે તેથી સરોવરપર બતી નહીં જોઇયે?" તે જવાન માછીમારે પુછ્યું.

"મને ખબર નથી, અને તું એમ કહેછે તોબી—"

"ચાલ, મારી ફ્લૉરા, તું ખુલે ખુલું બોલી દે! તારાં મનમાં કાંઇ છે. જે હોય તે કેહી દે."

"મારી સાથે બારીએ મારા પીતા ઉભા હતા અને—"

"તે હું જાણુંછ, જેવો તે રાતે ચંદ્રમા પ્રકાસ્યો કે મેં તમો બન્નેને જોયાં. તેં નહીં જોયું કે મેં તેવણને માનથી સાહેબજી કીધી? આહ! પણ તારે માટેના મારા પ્યારનાં ઝનુનમાં મેં તુંને કોઇ રીતે નુકશાન તો નથી કીધું? હું કાંઇ વધુ બેદરકાર યા હુલ્લડ બની કીલ્લાની વધુ નજદીક તો નહીં આવી પુગ્યો હતો?"

"નહીં, નહીં હ્યુબર્ટ તેમ હતે તો તેવણ મને કહી દેતે પણ તેવણ બોલ્યા કે—"

"તેવણ શું બોલ્યા?"

"તેવણ તો ઘણુંબી બોલ્યાં–તેવણે તુંને પીછાણ્યો અને તેવણે કહ્યું કે તું કદાચ પેલો દાબડો દરીયાનાં ઉંડાણમાંથી ખેંચી કાઢવાની—"

"આહ! તેવણે એમ ધાર્યું?"

"હા: અને એ જો ખરું હોયતો તારી સઘળી મહેનત ફોકટ છે, હ્યુબર્ટ, કારણ કે આ કીલ્લાનો કબજો પોતાને હસ્તક લેતાંને વાર તેવણે તે દાબડાની તલાશ કીધી પણ ફોકટ. અને તે તુંને મલેતોબી તારે જાણવું જોઇએ કે તે દાબડો તારો નહીં કેહેવાય, હ્યુબર્ટ; અને મારી ખાતરી છે કે તું બીજાના માલપર તદાપતો આરશેજ નહી. તું મને જવાબ નહીં આપતો હ્યુબર્ટ?"

"બાનું, હું વીચાર કરતો હતો કે—"

"આહ! વળી તું ગુસ્સે થયો!" અને એમ બોલતાં વાર તે જવાન ફ્લૉરાની આંખોમાંથી દડદડ આસું નીકળી પડયાં.

"નહીં, નહીં, ફ્લૉરા તું જે બોલતી હતી તે ધ્યાનથી સાંભળી તે ઉપર હું વિચાર કરતો હતો, અને તે જવાને પોતાની માશુકનો હાથ લેઇ હોઠસે અને આંખોસે ફરી ફરી દાબ્યો.

"આહ! હું સમજી" ફ્લૉરા જરા હસીને બોલી "ત્યારે તુંબી મારી તકરારને વજન આપેછ. કુદરતીજછે કે તેં એમ ધાર્યું હોય કે જેને તે દાબડો મલે તેનો તે થાય, અને અફસોસ આપણા વચ્ચેનો ગરીબીનો અંતર મારી હટાડવાની આશા માત્ર એ દાબડાના મળવા પર તેં રાખી હોય તો તે ફોકટ છે, હ્યુબર્ટ!" પછી સાદ છેક ધીમે કરી નાખી તે બોલી "અને બીજી આશા આપણને છેજ શું?

"ના નિરાશ થા, ફ્લૉરા! નાઉમીદ ના થા!" તે બોલ્યો "નહીંતો તું મને દુ:ખથી દીવાનો બનાવશે! હું આશા નહીં રાખું? હું ગરીબ આદમીને શું તે કુદરતી સગનવંતાં પંખેરાંનીબી મનાઇ છે? શું મારાં દીલનો બાગ એટલો બધો કમીનો અને કંગાલ છે કે તેમાં આશાનું ફુલ જનમબી નહીં પામે? મેં જેણે ત્યાં આવ્યા પછી આટલું બધું મેળવ્યું—જે મને પેહલાં સ્વપના સરખું લાગ્યું તે કેટલેક દરજ્જે ખરૂં ઠર્યું. હું ખરૂં કહુંછ પ્યારી કે જે જગે મેં તુંને પેહેલી જોઇ તે જગે તુંને જોતાંને વાર હું થંભ થઇ ગયો. તારી હસ્તીથી મારાં દીલનો વેરાંન બાગ સુખથી હસ્યો, તેજ પલે હું એક એવી લાગણીનો ભોગ થયો કે જે લાગણી પોતાના શીકારને માટે જોઇયે તો આ જગને એક જીન્નત બનાવે યા જીવતું જહાંનમ બનાવે, અને તોબી મારે કબુલ કરવું જોઇયે કે મારાં સુખને માટે મને સદાનો વસવસો રહ્યો—દુરથી તુંને દેખી હું સંતોષ પામવા લાગો—તારી પુઠે તારા પોતાના પડછાયાની માફક હું ભમવા લાગો અને તેથીજ તે વખતે કે જ્યારે તારી પુઠે છેડાયલાં ઢોરોનું એક ટોળું ધસ્યું ત્યારે તુંને બચાવવાને હું તારીથી અણદીઠો પણ તારી આગળજ હતો. અને જ્યારે તારૂં બેભાન બદન મેં મારાં હાથમાં લીધું ત્યારે મને લાગ્યું કે હાથમાં એક ગુલાબનું ફુલબી પકડયું હોય તો તારાં બદન કરતાં તે વધુ ભારી લાગે—"

"હા, હ્યુબર્ટ, તેં મને તે વખતે તારા જીવના જોખમે બચાવી," હળવેથી તે કુમારીકા વચમાં બોલી.

"અને જે વખતે તારૂં માથું મારી આ છાટી પર આરામ પામતું ગોઠવાયલું હતું ત્યારે મેંજ મારે મનસે પુછ્યું, 'આહ! એવી કોણને ખબર હતી કે આવો સંજોગ બનશે? એ ફકત ખાબતો નહીં હોય?' પણ નહીં પ્યારી આપણે ઘડી ઘડી મલ્યાં અને તારી રીતભાત મારી તરફ વધુ અને વધુ માયાળુ અને મમતાળુ થતી ગઇ. વળી હું પાછું મનસે પુછુંછ કે એ સઘળું ખ્યાલી તો નહીં હોય?"

"જરાબી એ સ્વપના જેવું છેજ નહીં, હ્યુબર્ટ, હું તુંને મારા સાચ્ચા પ્યારથી નિવાજું તેમાં નવાઇ જેવું કે અજબ થવા જેવું કશું નથી. પહેલું તો હું મારી જીંદગીને માટે તારી આભારી ઠરી, બીજું તો જ્યારે મેં જાણ્યું કે એક વાર તું ફુલની માફક લાડમાં ઉછરી હાલ ફક્ત આ દુન્યાના બાગના ચળીત પવનના ફુંફારાનો માર ખમેછ, તેથી મારી દીલસોજી તારી તરફ ઉસ્કેરાઇ. ત્યારે હવે એમાં અજબ થવા જેવું શું છે, હ્યુબર્ટ, કે તુંને વધુ અને વધુ પીછાણુવા પછી હું તારી પોતાની ભવિષની ભાગ્યણુ થવાને કુદરતી ચાહું—સાચાં દીલની દીલસોજી અને અત:કરણનો આભાર એ બે રસ્તા એવા છે કે જ્યાંથી મોહબતના મંડપમાં પુગાય છે."

"ત્યારે હવે એવા પ્યારને શાની બીહીક અને શાની ફીકર છે ફ્લૉરા?"

"અફસોસ, અફસોસ, મારા પીતાએ ગઇ રાતે મને જે બધું કહ્યું તે હજીતો મેં તારી આગળ કહ્યું નથી, તેવણના બોલે મને ચોંકાવીછ હ્યુબર્ટ; હું તુંને વ્હેમમાં રાખવા માંગતી નથી કારણ કે મારૂં પોતાનું હૈયું એ બાબેની હેબતથી હેબતાય છે—મારો પીતા મને હવે પરણાવવાની ઉતાવલ કરે છે."

"આહ! પછી?" હયુબર્ટ આ સાંભળી તદન ફીકકો પડી ગયો.

"અને વળી કોણ સાથે તેબી હું કાંઇક અટકાલી શકું એવું તેનું બોલવું હતું. તે મને એવાની સાથે પરણાવવા ચાહેછ હ્યુબર્ટ કે હું તુંને પીછાણતે નહી, તુંને ચાહેતે નહીં, તોબી તેને આજે હું ધીક્કારતે."

"અને તે કોણ?" ધબરાટમાં હ્યુબર્ટે પુછ્યું.

"ત્રેસીતિલબર્ન."

"શું! તે ફુગરાયલો ફાંકડો? પેલા બુઢા બ્યાજખાઉનો પોર્યો! અને સર માઇલ્સ કોર્ટલૅન્ડ પોતાની ચેહેરનમુન બેટીને માટે જે ખાવીંદ શોધી કાઢયો તે એ કે?"

"તોબી સમજ કે તે વીશે મારી કાંઇ ખાતરી નથી, પણ કાંઇક એવો વ્હેમ જાયછ ખરો–કદાચ હું ખોટીબી હોઉં! પણ મારે તુંને કાંઇ બીજુંબી કેહેવુંછ."

"બોલ પ્યારી, બોલ મને બધું કેહે, જે હોય તે કેહે, કાંયકે હું ફોકટની આશામાં મરૂં નહીં તે સારૂં!" અને હ્યુબર્ટનાં બોલવામાં કાંઇક કડવાસ જેવું હતું, જે ફ્લોરાથી છુપું નહીંજ રહ્યું.

પ્યારનાં શીકાર થયલાંઓ સાધારણ આદમી કરતાં વધુ ચગોર અને વધુ ચબરાક હોય છે.

"તું મને દુઃખી કરેછ, હ્યુબર્ટ," ફ્લૉરા હમણા રડી પડે તેવું મોંહ કરી બોલી "વળી પાછો તું ગુસ્સે હોય તેમ બોલેછ. જાણે મારોજ વાંક હોય તેમ તું સમજેછ–પણ ખુદા સાહેદ છે કે આખી રાત મેં બેચેનીમાં ગુજારીછ!"

"માફ કર, પ્યારી! મને માફ કર, આહ! તુંને જરાબી દુ:ખી કે દલગીર કરૂં તેના કરતાં મારી પોતાની છાટીમાં ખંજર ભોકી મરી જાઉં તે પરવડે! મને કેહે સારે જે તારે કહેવું હોય તે."

"મારા પીતાએ મને કહેલી વાત તેની પોતાની મતા હોવાથી તે તુંને કેહેવામાં હું ગુનાહ તો નહીં કરતી હોઉં?"

"તારાં મનમાં જો તેમજ હોય તો ભલે મને તે વાત ના કેહે–પણ વારૂં ફ્લોરા, તારો પીતા ત્રેસીતિલબર્નનેજ તારા ખાવીંદ તરીકે કબુલ રાખવાની ફરજ પાડશે તો?

ફ્લૉરા આ સવાલથી જરા ચોંકી:–એકદમ તો તેણીએ તેનો જવાબ આપ્યો નહીં. તેણી વધુ દલગીર દેખાવા લાગી અને પોતાના સવાલનો તેને શું જવાબ મલશે તેના વિચારમાં હ્યુબર્ટ ધડકતી છાટીએ તેણીને ટીકતોજ ઉભો રહ્યો. આખરે હીંમતને પોતાની મદદે બોલાવી મક્કમપણે તેણી બોલી:

"હ્યુબર્ટ, બાપની એક બેટી તરીકેની હું મારી દરેક ફરજ સમજી છું; પણ હું એમ બી સમજુંછ કે મારૂં અંતઃકરણ તારી તરફના કાંઇક અણદીઠા ઉપકારમાં વિંટલાયલું છે. મારા બાપ તરફની મારી ફરજમાં હું ભુલું તેનાં કરતાં મરૂં તે બ્હેતર; પણ વળી જે પ્યાર મેં તુને આપ્યોછ તેને બેવફા થયલી હું પોતાને જીવીને જોઉં તો હરગીજ નહીં. નહીં હ્યુબર્ટ, નહી નહીં–હું આ યકરાર સોગંદપર કરૂંછ. જુઠા સોગંદનો મારા જીવને પસ્તાવો કરાવવાને અને તારાં દીલને રંજીદા થયલું જોવાને હું બીજાની પરણેતર તરીકે કદીબી આ દુન્યાની હવા મારા દમમાં લેઇશ નહીં. બસ રાજી થયો?"

"આહા, મારી ફ્લૉરા! હવે વધારે મને શું જોઇયે? હું તારો ઉપકાર માનુછ." અને એમ કહી તે જવાન પોતાને ગુંઠણુ મંડયે પડયો અને તેના બેઉ હાથો લઇ પોતાની આંખોમાં દાબ્યા. "મને હવે ભવિષ્યનો ભય નથી, અને આ તુફાની જીંદગીમાં આશાને મારૂં હલ્લેસું ઝાલ્યું તો ખરાબીને ખડકે અઠડવાની મને જરાબી ધાસ્તી નથી. તું મારી નહીં થશે તો બીજાની તો તું કદી થશેજ નહીં! એ ચકરાર તેં સોગંદથી કીધોછ, અને તેજ ખરો છે" સુખનાં આંસુંઓ તેણીની કાલી ચશમમાંથી બેમિસાલ નીકળી પડી મોતી જેવાં સુફેદ ટીપાં રૂપે તેણીના મખમલી ગાલપરથી ગબડી પડયાં. ફ્લૉરાએ હ્યુબર્ટનો હાથ પકડી તેને ઉઠાડયો અને એક પલ સુધી તે વ્હાલાં જીગરો એકમેકને ટીકતાં ઉભાં અને આખરે સુરજ છેક માથે આવેલો જણાવાથી ફ્લૉરાએ હવે તેનીથી છુટી થવા ચાહ્યું.

"ત્યારે હવે આપણે ક્યારે મલીશું?"

"ખાતરી રાખજે કે તેવી ટક જો આપણુને જલદી નહીં મલશે તો તેમાં મારો વાંકતો નહીંજ હશે."

"વારૂં ફ્લૉરા પણુ એકજ વધુ બોલ, એક મારી અરજ છે તે સાંભળ."

"બોલ હ્યુબર્ટ શું કહે છે?"

"જે દાહાડે આપણો મિલાપ નહીં થવાનો હોય તે દાહાડે તારા પ્યારની કાંઇબી નીશાની આ સરોવરની સપાટીપર ફેંકજે. આહ! મને એક વિચાર આવેછ અને કંઇ તારે કેહેવું હોય તો એકુ લાકડાંના ટુકડા સાથે ચીઠી બાંધી—"

"હા, હું સમજી હ્યુબર્ટ, જયારેબી હું તુંને મલવા માંગીશ ત્યારે પેલીજ બારીએ ફુલનો એક મોટો તુરો મુકીશ."

"અને મારાં આ નાનાં દુરબીનની મદદથી તારો તે તુરો મને દેખાયા વગર રેહેશે નહીં. અને વળી જયારે તું નહીંજ આવવાની હોય ત્યારે એક ગુલાબને આ સરોવરની સપાટીને હવાલે કરજે કે તારીથી દીલથી દુર હોવા છતાં તારાં મનથી હું દુર નથીજ તેની મને સાબેતી મલે."

પોતાના પ્યારાની આ અધીરાઇ માટે ખુશીથી હસી તેને એક મીઠી કીટી કરી પોતાનો ગુલાબી ગાલ તેનાં પરવાલાંસમ હોઠસે પોતાનીજ ખુશીથી દાબી તેણી તેનીથી છુટી પડી.

આહ! એક કીસ! તું ખુદરતની નીરમલમાં નીરમલ પેદાયશને મતલબી અને જુઠી સમજનાર મતલબી અને જુઠા છે. બે જીગરોની જોડ દેખાડનાર, દીલનો મીઠાસ રજુ કરનાર તું માયાળુ ફીરેશતો છે. જેણે તુંને જાણી નહીં અને પીછાણી નહીં તે આદમ કરતાં હયવાન વધારે છે.

પ્રકરણ ૪ થું.

બે હરીફો.

કદીબી આયોછ એમ મનમાં વિચાર,
કે ગુલાબને હુવડ દેય એકસરખો બાહાર?
દુન્યામાં એવો છે એકબી ચિતાર,
કે બુલબુલ ને કાગ વસે એકજ ગુલજાર?

પોતાની વિદાય થતી પ્રિયાને લાંબેવેર જોતો હ્યુબર્ટ તે જગે થંબ થઇને ઉભોજ રહ્યો. અને જયારે તેણી એક ખડકનાં ખુણાંપર વલાણુ લેઇ તેની નજરથી અણદીઠી થઇ કે તેણે પોતાનોબી રસ્તો લીધો. પોતાના મછવામાં કુદી પડી તેને હડસેલવા જતો હતો તેટલાં કાંઇક હુકમ કરતા કોઇના તુંદ સાદે તેને ચોંકાવ્યો.

"હેઇ, નફ્ફર! સબુર, અહીંથી જરા હઠયો તો તું મુવોજ સમજ! હું કેહુંછ કે થોભ, ગુલામ! ને તારા કરતાં આલે દરજ્જાના એક જવાનને તારી હોડીમાં બેસાડી પેલા કિલાવેર તેરવી લેઇ જવાનું માન ખાટ."

ઉપલા તોછડા શબ્દો બોલનાર શખ્સ તે લીલાં ઝાડોની ઘટામાંથી ડોલતો ડોલતો—જાણે તેમ ચાલવાથી કેવો એક શોભતો હોય તેમ—આવતો હતો. તેને ઉતાવલ કરવાની કશીબી દરકાર નહીં હોય તેમ તેના દેખાવ પરથી લાગતું હતું.

બહુજ ભપકાભર્યો પોશાક તેણે પેહેરયો હતો; તેના હાથમાં એક સુંદર ચાબક હતો; અને તેનો સઘળો દેખાવજ એક ઇત્તર અક્કડબાજનો હતો. તેનું કદ ઉંચું હતું પણ કદરૂપું તો નહીંજ હતું.

વળી દેખાવે બદસુરતબી તે નહીં લેખાય, તોબી તે ખેંચાણકારક તો હતોજ નહીં. તેનામાં તુંદઇ, તોછડાઇ અને લુચ્છાઇ પ્રગટ દેખાતી હતી; તેની ઉંમર અઠાવીસથી ત્રીસની હતી.

"ઠીક થયું યાર કે તું અહીં મલી ગયો, કોણ જાણતું'તું કે મારો સુંદર ઘોડો એમ રસ્તામાં એકાએક લંગડો થઇ અડી બેસશે. તેને તુરતજ રસ્તે મલેલા એક ગામઠ્યા સાથે લંગડાતો લંગડાતો મારે ઘેરે મોકલાવી દીધો. એબી મને ઠીક ચકુનમ પડી કે હવે જ્યારેબી હું બાહેર નીકળીશ ત્યારે મારે ત્યાંના સેંકડો ગુલામો અને નોકર નફરોમાંથી એકાદને ઘસડી લાવીશ." આટલા વખતમાં પેલો ફાંકડો આંપણા જવાનની છેક આગળ આવી પુગેલો હોવાથી તેને તે બરાબર જોઇ શકયો.

"આહ! એ તું છે કે? હમણાં થોડુંજ થયું તું સામેનાં ગામમાં આવી રહ્યોછ ની! ચાલ ઠીક, તું કેવી હુશ્યારીથી તારી હોડી હંકારેછ તે મને બતાવ-લાવ તારી હોડી આગળ લાવ-એમ-એમ એણી ગમ લાવ, શું હું અહીંથી—"

"જુવો, સાહેબ" આપણો જવાન તે અક્કડબાજને ધીક્કારની નજરથી જોઇને બોલ્યો. "મારી હોડીમાં બેસી સામે પાર ઉતરી જવાની મેરબાંની મારી પાસ તમો માંગતા હોવ તો—"

"મેરબાની? હા, મેરબાની તે કેવી કે મને તારી હોડીમાં બેસાડયાથી તને માન મલશે એટલુંજ નહીં પણ વળી કાંઇક ચલકતી ચાઇ ચાઇ તારા હાથને આવી અઢડશે તે જુદી!"

"માન? તારીથી મને માન મળશે?" ધિક્કારથી આપણા જવાને તેને હસી કાઢયો.

"તારા જેવા ભીખારીએ, મારી તોખમના એક જવાનને માટે એવું બોલવું ઠીક નહીં."

"તારી તોખમ? આજ કાલના કંગાલ! બ્યાજખાઉ કુતરાના દીકરા તરીકે તારે તો શરમથી નીચું જોવું જોઇયે."

"હેં! આ બોલ મને?" એમ બોલી પેલા ફાંકડાએ આપણા જવાનને તેની પીઠપર એક ચાબક ચમકાવી કાઢયો.

તુરત વાઘની માફક ઉછળી પડી આપણા જવાને પેલાને ભોંયપર પટકી તેને તેની તુંદઇનો બરાબર સ્વાદ ચખાડયો, અને હાલ તુરત એટલીજ કુંદી પુરતી ધારી પાછો પોતાની હોડીમાં કુદી પડયો.

"અય લુચ્છા, બેમરવત, જે પોશાગીર હોય તે હાથે લડે" પછી ત્રેસીતિલબર્ને-કારણકે તે તેજ હતો તેણે-પોતાની તરવારપર હાથ મુકી કહ્યું, "તારામાં જરાબી ખાનદાની લોહી વ્હેતું હતે તો અબ ઘડી તારી સાથે હું તરવાર બાજીમાં ઉતરતે, પણ તારા જેવા સાથે મારી બરાબરી કરવામાં હું પોતાને માટે તદન હલકું સમજુંછ."

"મુગો રેહે અય બુબખ, તેબી વખત આવશે ત્યારે બતાવીશ" એમ બોલી પેલો

જવાન માછીમાર પોતાના તે હરીફને તેની હાડમારી અને હેરાનગતીપર હસ્તો છોડી પોતાની હોડીમાં હંકારી ગયો.

જ્યારે પેલો ત્રેસીતિલબર્ન પણ પોતાની આ હારપર જાણે મોટું દીલ બતાવતો હોય તેમ આસ્તે આસ્તે પેલા કિલ્લા તરફ ચાલતો થયો.

વાંચનાર સેહેલથી સમજશે કે કીલ્લામાં પુગતાં ત્રેસીતિલબર્ને પોતાની ઉપલી નામોશીની વાત કાઢીજ નહીં-તેને સ્વપ્નેબી નહીં હતું કે હ્યુબર્ટ ફૉરેસ્ટર તેના પ્યારમાં તેનો એક હરીફ હતો.

સર માઇલ્સ કૉર્ટલૅન્ડ અને ત્રેસીતિલબર્ન બેઉ જણા એક ઓરડામાં ભરાયા, કે જે અરસામાં ફ્લૉરાએ પોતાના ઓરડાનો આશરો લીધો, જ્યાં તેણી પોતાની હાલતનો વિચાર કરતી બેઠી. એક હાથપર પોતાના પવિત્ર પ્યારનો તેણીને વિચાર આવ્યો, જ્યારે બીજા હાથપર તેના બાપ અને તિલબર્ન વચ્ચેની આ વાતચીતનું શું પરીણામ આવશે તેનો ભયભીત ખ્યાલ તેણીનું મન કોતરવા લાગ્યો. ફક્ત નાણાજ સંબંધી તે મસલત હતી, યા પોતે તેમની આ સુજગુજની બાબદ હતી? અને અફસોસ! મોહોબતની બતીથી રોશન બનેલાં તેણીનાં ખ્યાલના આસ્માનપર એકાદ ભયંકર વિચારની સીહા વાદલી લટકતી તેણે જોઇ. થોડીક વાતચીત પછી તિલબર્ન ચાલી ગયો; અને જ્યારે ફ્લોરાને ખાણાની તેબલપર બોલાવવામાં આવી ત્યારે રખે તેવી કાંઇ વાત નીકલે માટે તેણી ધ્રુજતી હતી. પણ તેવી કાંઇ વાત નીકળીજ નહીં, તોબી તેણીનો પીતા હંમેશ કરતાં તે વખતે જરા વધુ ગંભીર અને વધુ ઘેરાયલો હતો.

આખેર જે ઘડીને માટે તેણી ઘણી ગભરાતી હતી, તેજ ઘડી આવી પુગી; અને જો કે તે માટે તેણી તદન તૈયાર હતી, તોબી જ્યારે તેણીના બાપે બાર વાગે નાસ્તાની તેબલપરથી તેણીને પોતાની સાથે પોતાના ઓરડામાં આવવા કહ્યું, ત્યારે તેણીનું હૈયું ધ્રુજવા લાગ્યું અને ગળું ગુંગલાવા લાગ્યું.

પ્રકરણ ૫ મું.

બાપનો લોભ અને બેટીનો ભોગ.

પૈસાને મંદીરે બેટીનો ભોગ,
જો આપવાને બાપ કેવો સાંધેછ સંજોગ.
એ સંસારનો શત્રુ એ બેકદર બાપ,
તે કીરતારની આગળ શું દેશે જવાબ?

પ્યાર અને પૈસા! તમો એકમેકના કેવા હરીફ કેવા મુદ્દઇ અને કેવા કટ્ટા વેરી? જ્યાં નિરમલ પ્યાર વસ્યો ત્યાં પૈસો નહીં! જ્યાં બે પ્યારાં પનોતાં જોડાં મુંઝાય ત્યાં પૈસાની હાડમારી! જ્યાં પ્યાર નહીં ત્યાં પૈસાનો પગ પેસારો, જ્યાં પ્યારની વાત નહીં ત્યાં પૈસા એટલા ઢગલાબંધ કે તેપર કાટ ચઢે! વળી જેને પૈસા નહીં તેને પ્યારનીબી મનાઇ! જેને ત્યાં પૈસાની વધાઇ તેને પ્યારનીબી રીહાઇ? ત્યારે એ ગુચવણને કેમ પુગાય? ત્યારે ગરીબ તો બધાંમાંથીજ બાકાત કે? તેની પાસે જો પૈસા નહીં હોય તો તેનીથી પ્યારની લાગણી તો દીલમાં નહીંજ વસાય કે? તે બાબે તેનીથી ચુંકેચાંતો થાયજ નહીં કે? હા ભાઇ હાલ એમ છે તો ખરૂં.

ફ્લૉરાને સરમાઇલ્સ પોતાની સાથે પોતાના ઓરડામાં લઇ ગયો અને કસાઇની પાછલ એક ગાય ચાલે તેવો હાલ તે ગરીબ ફ્લૉરાનો હતો. તેણીને એક ખુરસીપર બેસાડી અને બીજી તાણી તેમાં તે પોતે બેઠો અને બોલ્યો:—

"નજદીક આવેલાં સત્યાનાસમાંથી ઉગારવાને મારી બેટી તરીકે તુંને આજે હું કાંઇ અરજ કરૂંછ!"

"એટલે પીતા?" આટલોખી સવાલ કરતાં ફ્લોરાનાં દીલમાંનું લોહી બંધાઇ ગયું.

"એટલે, ફરીને હજી આજે પુછેછ? તું જેવી ડાહીને ચેતી જવા ખાતેર ગેઇ પરમ દીનની સાંજે મેં તુને એક ચોક્કસ વાત કહી હતી, તે તો તને યાદ હશે. જો ત્યારે સાંભળ: આપણો આજનો મીલાપ તુંને કાંઇક દલગીર કરે એમ છે, માટે તે કાંઇ વધુ લંબાવવાની જરૂર નથી. આ સઘળી મિલકત અને મતા જે તું આપણી સમજેછ, તેતો એક માંગનાર જેને માટે મેં તને એક વાર કહ્યું હતું, તેને ગીરવી મેલી છે, અને આપણે હાલ તેની દયાને આધારે છીએ. એક દીવાળ્યા તરીકે નામથી બદનામ બની, ઘેરબાર, વાડી વજીફા, રાચરચીલુ છોડી મારે અતરેથી બાહાર નીકળવું, કે મારે મારૂં ઘડપણ અતરેજ ગુજારવું અને ગીરવીખત વગેરેનો નીકાલ લાવવો, એ આજે નક્કી કરવાનું તારા હાથમાં છે."

"મારી પસંદગી કેમ કરવી અને શાને અધારે કરવી તે તમો હજી બોલ્યા નથી."

"ચેડી છોકરી! તું તારો હાથ ત્રેસી તિલબર્નને આપવાને રાજી છે કે જીંદગી ટક તુંબી સચવાય અને તારો આ બુઢો બાપબી ભીખારી હાલત અને શરમમાંથી બચી પોતાના મરતા દાહડા સુખમાં કાઢે?"

"શું ત્રેસી તિલબર્ન એ શર્ત કરવા માંગેછ?" ફ્લૉરાએ પુછયું.

"હા, તેની એ શર્ત છે. તુંને તે બેહદ ચાહેછ અને તારીપરનો પોતાનો પ્યાર જેમ બને તેમ ઉતાવલે પાર પાડવાને લીધે તે પોતાના પૈસાની માંગણીબી જલદી કરેછ."

"મારાં સુખને ખાતર મારે ત્રેસી તિલબર્ન સાથેજ પરણવું એ બોલ જો તમારા સિવાય બીજાને મોઢેથી નીકળે તો મારી પોતાની લાગણીનું અપમાન થયલું હું સમજું. પણ આવતી આફતમાંથી તમોને બચાવવા ખાતર એ બાબદ તમો મારી આગળ બોલ્યાછ એ ઓરજ વાત છે, ત્યારે હવે સમજ પાડીને બધી વાત મને કેહો."

"ગઇ કાલે સઘળાં ઓચર્યાં તપાસતાં મને માલમ પડયું કે હું રૂપ્યા ત્રીસ લાખ સુધીનો તેનો કરજદાર છું, અને મારી બાંધેલી મુદત આ ત્રણ દાહાડા પછી પુરી થશે કે તિલબર્ન તારા ગરીબ બાપને તેનાં બાપીકાં ઘેરમાંથી હાંકી-હંકેતી કાઢશે!"

આ સાંભળી ફ્લૉરા ચોંકી; વિજલીના જેવો ઝટકો તેણીનાં દીલમાંથી પસાર થઇ ગયો, અને તેણી એટલુંજ બોલીને અટકી કે "એટલું જલ્દી?"

"હા, એટલું જલ્દી તે તેમ કરશે."

"ત્યારે પીતા, એવા પાપી સાથે મને પરણાવવાની તમારી મરજીજ છે?" દલગીર ચ્હેરે ફ્લૉરાએ આ સવાલ પુછયો.

તે ચગોર બુઢો ચેતી ગયો કે આ સવાલના જવાબમાં તે ફસી ગયો હતો, તોબી મગજ ઠાવકું અને ઠેકાણે રાખી તે બોલ્યો: "જો ત્રેસી તિલબર્નને ફરજ પડે તો આપણી ખરાબી કરવામાં એટલી હદ સુધી જાય એમાં કાંઇ નવાઇ નથી. તેનો સઘળો પ્યાર ધિક્કારમાં ફેરવાય! તેની મારેલી મગરૂરી તેને કીનાખોર બનાવે! અને ટુંકમાં પોતાની મતલબમાં પોતાને નહીં ફાવેલો જોઇ તેની દરેક ભલી લાગણી નાશ પામે; પણ તિલબર્નને એક ખાવીંદ તરીકે પસંદ કરવામાં એ સઘળી વાતની ચીંતા કરવી ફોકટ છે."

"બસ, બસ, પીતા! ત્યારે જેમ તમો ચાહોછ તેમ શું થવુંજ જોઇયે? અને તેમ જો તમારી મરજીજ હોયતો તે ભોગ આપવાને હું તેયાર છું."

"ભોગ? એક બેટી પોતાના બાપને તેની આવી ભીખારી હાલતમાંથી, તેનાં અકાળ મોતમાંથી બચાવે તે ભોગ કેહેવાય?"

ફ્લૉરા એક મીનીટ વીચાર કરી બોલી, "હા તે ભોગતો ખરો પણ વળી તે એક ફરજબી લેખાય."

"અને તે ફરજ–તે ફરજ તું બજા લાવશે?"

"હા પીતા, કયારે?"

"ત્રણ દાહાડામાં."

"ત્રણ દાહાડામાં? વખતતો ઘણો થોડો છે."

"હા, સનીવારે તો સઘળું સમાધાન થવુંજ જોઇયે. અમારા વચ્ચે એવી સમજુતી થઇ છે કે સનીવારે તું ત્રેસીતિલબર્નને પરણે તો સઘળાં લખત ઓચર્યા મારગેજ ખત એ સઘળું મારે સ્વાધીન થાય–અને તે સેઘળું મારે સ્વાધીન લેતાં તું મારી બેટી મને તે વખતે કેટલી વ્હાલી લાગશે તેનો ખ્યાલ કરવો મુસ્કેલ છે."

ફ્લૉરાએ એક પલ મોંહ ફેરવ્યું. તેણીનું દીલ ધ્રુજવા લાગ્યું પણ પોતાનો જુસ્સો તુરત દાબી દેઇ તેણી બોલી "ઠીક, ત્યારે કબુલ છે."

"ફ્લૉરા! આજે હું બેહદ ખુશી થયોછું–ત્યારે હવે તું ત્રેસીને તારા કબુલેલા ખાવીંદ તરીકે આજે મલશે, તેની તરફ માન અને હેતથી જોજે, તેની સનમુખ ખુશી રેહેજે."

"ખુશી? આહ–પણ કાંઇ નહીં! તે કયારે આવશે?"

"હમણાં આવતોજ હશે; આવેને હું તેને તારી આગળ મોકલીશ." એમ બોલી તે લોભી બાપ પોતાની આ જવાન અને કુમળી વયની બેટીના ભોગ પર હસ્તો ચાલી ગયો. શું તેનાં દીલનો ડંખ તેને જરાબી નહીં હશે? તેનાં હૈયાંએ તેને જરાબી ચોંકાવ્યો ચેતાવ્યો નહીં હશે? તેનું તે હસ્વું શું તેનાં હૈયાંના હરખનુંજ હશે? આ તો આસલ વાર્તા છે, પણ આપણા આ જમાનામાંબી એવા કેટલા **લોભી બાપો** છે, અને એવા કેટલા **બેટીના ભોગ** અપાયછે? ફ્લૉરા, નાચાર નિરાધાર એક બેઠકપર નિસોસ નાંખી બેસી પડી: તેણીએ રડવા ચાહ્યું પણ રડાયું નહીં; રડીને ગમ ખલાસ કરવા ચાહ્યો પણ ગમ તેણીની છાતીમાં ગુંગાલાયા કીધો. તેણીની નજર તદન સ્થીર અને ચેહેરો બીલકુલ ફીક્કો હતો, હોઠપરનો રંગ ઉડી ગયો હતો; બાહારથી જોકે તેણી સંગે મરમરમાંથી કોરી કાઢેલાં એક પુતલાં જેવી હતી, પણ તેણીની દરેક લાગણી હાલ જાગ્રત હતી.

ત્રેસી તિલબર્ન અંતે આવ્યો ખરો. સરમાઇકલ કૉર્ટલૅન્ડે બાહાર તેને ફકત થોડોજ વાર વાતમાં રોકયો, અને તેની આગલથી છુટતાંજ પેલો ચંગો આશક મોહોબતની મસ્તીમાં બેભાન અને બેધ્યાન બની દીવાના માફક આજે વળી ઓરજ લ્હેકો કરતો ફ્લૉરાના ઓરડામાં દાખલ થયો.

એક ખાનદાની અને કેળવાયલી છોકરીને છાજે તેવી અદાથી ફ્લૉરા પોતાની બેઠકપરથી ઉઠી તેણીને નમી. તેણીને નમી? એતો તેને મનસે ઘણુંજ—બેહદ ઘણુંજ થઇ ગયું! તેની ખુશાલીનો તેની મગરૂરી અને દમામનો તો પારજ નહીં રહ્યો, તેતો ફાટી ફુટીજ ગયો.

અતરે એ બેહુની વાતચીતમાં વાંચનારને રોકી અમો કંટાળો આપીશું નહીં પણ એટલુંજ કહીને અટકીશું કે જેટલો પેલો ચંગો આશક લાડમાં આવ્યો હતો, તેટલીજ તેની મનમોહન માંશુક (!) તેને હસી ધીક્કારી કાઢવાને તૈયાર હતી; અને તોબી તે હલકા હવસને આધીન થયલો આંધળો તે નારાજ નિરદોષ નાજનીનના દરેક બોલમાં પ્યાર જોતો–સમજતો અને એમજ માનતો કે તેણી તેની ઉપર ફીદા ફીદાજ હતી. એવી સ્હેજ ટપાટપી પછી ફ્લૉરા પોતે તેનેબી

સનીવારની રાતનો વાયદો કરીને ઓરડામાંથી ચાલી ગઇ—અને આપણો તિલબર્ન પણ તેણીની આ ચાલને શરમાલપણું અને સભ્યતા માત્ર સમજી ત્યાંથી ચાલી ગયો.

ફ્લૉરા ત્યાંથી નીકળી પાછી પેલાજ ઓરડામાં ગઇ, કે જ્યાં તેણીને અમે વારતાની શરૂઆતમાં બેઠેલી દેખાડી હતી; કાંઇક ખ્યાલમાં ને ખ્યાલમાં થોડોકવાર પોતાને છોડી દેઇ, તેણી એકદમ ચોંકી અને ઉઠી. અને ત્યાંજ એક ટેબલપર મુકેલા ફ્લાવરવાઝમાંથી તુરો ઉંચકી બારીપર મુકયો અને બારી ઉઘાડી નાંખી. વાંચનારને યાદ હશે કે બારી બરાબર પેલાં સરોવરની સામેજ હતી.

પ્રકરણ ૬ ઠું.

બે મુસાફરો—ઝપાઝપી.

આપણી કમનસીબ ફ્લૉરાને, પોતાના બેકદર બાપને આપેલું વચન કેમ પાળવું તેના વિચારમાં હાલ તુરત છોડી, આપણી આ વારતાની સાથે અતલગનો સંબંધ ધરાવતા એક બીજાજ બનાવ તરફ આપણી નજર ફેરવ્યે.

આપણી આ વારતામાં બનતા જુદા જુદા બનાવો એકમેક સાથે બરાબર ગોઠવાય, તેથી જે દીવસને માટે આપણે આગલાં પ્રકરણમાં વાચ્યું, તેજ દીવસની સહવારે શું બન્યું તે તપાસ્યે.

ત્યારે તેજ સહવારે આઠ અને નવની વચ્ચેના વખતે ઘોડેસ્વાર થયલા બે મુસાફરો મૉરોડેલનાં શેહરમાંથી નીકળી ડીલામીયરના સરોવર તરફનો પોતાનો રસ્તો લેતા હતા.

તે શેહેર, વાંચનારને યાદ હશે તેમ, તે સરોવરની પુરવે આવેલાં પેલાં માછીમારોનાં ગામથી ચાર માઇલ દુર હતું; અને તે બેઉની વચ્ચેના ભાગમાં ટેકડીઓની હારની હાર લાગેલી હતી.

ખીણો લીલોતરીથી ભરપુર અને તે તરફની હવા ગરમ અને મન પસંદ હતી, જ્યારે ટેકડીઓ ઘણે મોટે ભાગે ઉજડ અને વેરાન હતી. તે ખીણમાંથી ફુટતા રૂપેરી ઝરા અહીં તહીં સાપની માફક સસરતા હતા. ખેતરોમાં અણાજનાં કણસલાં ખેડુતોનાં દાતરડાંની વાર જોતાં પોતાની ઝમકદાર કીરતીમાં ઉગી ઉછળી નીકળ્યાં હતાં. મધમાખીઓ કાંઇ રસદાર ફુલોપર ગણગણતી હતી; પેલા ઝરાઓમાંની રૂપેરી માછલી ગોયા કુદરતના તે દેખાવોથી લલચાઇ થોડે થોડે વારે તે નીહાળવા પોતાનાં રૂપેરી બદનોને પાણીમાંથી ઉછાળી જોનારને ગમત આપતી હતી; જંગલી ફુલોના સોડમથી અને પીછાળાં ગવૈયાનાં દિલપઝીર ગાણાંથી બધી હવા ભરાઇ ગઇ હતી. વધુ ઉંચી ટેકડીઓપર જંગલી બકરા અને હરણોની કુદા કુદ ચાલી રહી હતી, અને તેથીબી ઉંચે ગરૂડ અને ખલીર પોતાના માળામાંથી નીકળી આપણી આંખે પુગી નહીં વળાય એટલી ઉંચાઇએ ઉડી જતા હતા.

આવા દેખાવોની અધવચે આપણા મુસાફરો પોતાનો રસ્તો લેતા હતા; અને જે માનભર્યા તફાવતે તેઓ બઉ જણા ચાલતા હતા, તે પરથી માલમ પડતું કે તે પાછલ ચાલનારને પોતાની આગલ ચાલનારના દરજ્જાનો ડર હતો.

આગલ ચાલનાર મર્દ મધ્યમ ઉમરનો, પટલો અને લાંબો હતો. તેના દેખાવપરથી તે લડાયક અને ખાનદાની દેખાતો હતો. મોઢાંનાં તેના કલ્લાપરથી તેનો સ્વાભાવ શાંત અને મક્કમ લાગતો હતો—તેની આંખોમાં નરમાશ અને માયા હતી. તેના વાળ ભુરા અને લાંબા હતા; પણ તેના થેભ્યા• અને દાહાડીના વાલ વખતના વમલમાં એટલા બધા સપડાયા નહીં હતા.

તેનો પેહેરવેશ સાદો અને શોભીતો હતો; તેની બાજુએ તરવાર લટકતી હતી અને ઘોડાની જીનમાં બે પીસ્તોલ ખોસી હતી, કારણ કે તે વખતે હથ્યાર વગર એકલા ફરવું જોખમ

ભર્યું હતું. તેની પુઠે ચાલનારમાં કાંઇ જોવા જાણવા જેવું નહીં હતું: તે પોતાના શેઠથી દસ વર્ષ નાનો હતો; તેનીથી તે ઠીંગણો હતો, પણ બાંધામાં વધારે મજબુત હતો, તેનો દેખાવ જો કે કઠોર હતો, તોબી તેના ચ્હેરા ઉપર ડાહાપણ અને પ્રમાણીકપણાનો છાપ કમી નહીં હતો; તેબી હથ્યારબંધ હતો, પણ તેની પાસે ફક્ત તરવારજ હતી.

તેમના ઘોડાની અને સાજની હાલહવાલી પરથી જણાતું હતું કે તેઓ છેક લાંબેથી આવ્યા હતા; આપણા મુસાફરો થોડોકવાર ચુપકીદી અખત્યાર કરી ચાલ્યાજ કીધા. થોડુંકમાં તેઓ એક એવા ભાગ આગળ આવી પુગ્યા કે જ્યાંથી બે રસ્તાના ફાંટા નીકળતા હતા. પેલા આગળ ચાલનારે પોતાનો ઘોડો થોભાવ્યો અને પોતાની પાછલ ચાલનારને કહ્યું—

"ભલા વિલમટ, હવે કેમ? કયો રસ્તો લેઇયે? બૅારોડેલના બુઢા ધરમશાલાવાલાનું કાંઇ ગુચવણ ભર્યું બોલવું મારાં કરતાં તું વધુ સમજ્યો હશે."

"મેરબાંન સર રીચર્ડ, રસ્તા વિશે તે બુઢાએ આપેલી વિગત મને બરાબર યાદ છે. જમણે રસ્તે પેલાં માછીમારનાં ગામ તરફ જવાશે અને ડાબો રસ્તો આપણને પેલા કૅાર્ટલૅન્ડવાલા કિલ્લાપર લેઇ જશે."

"ત્યારે આપણને ગામ તરફ જવુંછ એટલે જમણો રસ્તો લેઇયે" પેલો ઉમરાવ બોલ્યો.

અને એમ બોલી તેણે પેલો જોઇતો રસ્તો લીધો અને તેઓ આગળ ચાલ્યા. તેમના એક હાથપર પાહાડોનું ઉંચાણ હતું અને બીજા હાથપર ગીચ ઝાડોની ઘટા લાગી હતી. એકાએક સાસોડીનો તીણો અવાજ સંભળાયો; અને ડાબા હાથપરનાં ઝાડોની ગુચવણમાંથી કઠોર દેખાવના બેજણ નીકળી આવ્યા, જ્યારે પેલા પાહાડની કઢણમાંથી બીજા બે જણે તેઓપર હુમલો કીધો.

એવી વખતે કેમ કામ લેવું તેની તે અમીરને ટેવ હોવાથી તે સીસોડીનો અવાજ હજીતો હવામાં ગુમ નહીં થયો, તેટલાંમાંજ પેલી બે પીસ્તોલપર તેનો હાથ પડયો. તેટલીજ ઝડપ તેના નાકરે નહીં કીધી, કારણ કે હજીતો તે પોતાની તરવાર તેની મ્યાનમાંથી કાઢે–કાઢે, તેટલાંજ એક જોરના ફટકાને તાબે થઇ પોતાના ઘોડાપરથી તે તુટી પડયો. કારણ કે જેમ બેજણા પેલા સર રીચર્ડપર તુટી પડયા, તેમ બીજા બે જણાએ વિલમટપર હુમલો કીધો.

"આહ, લુચ્ચાઓ!" એમ બોલી બેઉ પીસ્તોલ સર રીચર્ડે સામટી ફોડી.

એક ફુટી—પણ તેની ગોળી, જેની સામે તેણે છોડી હતી, તેના કાનને જરા લાગીને પસાર થઇ ગઇ–બીજી તો નકામી ગઇ; પણ તે જોરાવર નાઇટે તે પીસ્તોલજ એવા જોરથી એકની સામે ફેંકી કે તેને માથાંમાં લાગી અને તે નીચે પટકાઇ પડયો.

હવે ત્રણડે લુટારાઓ તેની એકલાની ઉપર તુટી પડયા અને તે નાઇટે જો વીજલીની ઝડપથી પોતાની તરવાર કાઢી પોતાનો બચાવ નહીં કીધો હતે તો તેનું શું થતે તે હમો કહી નહીં શકતા.

સુભાગ્યે તેના હરીફો પાસે એવું કશું હથ્યાર નહીં હતું; તેઓ પાસે જાડી ડાંગો હતી, જે તેઓ એવી સફાઇથી વાપડવા લાગ્યા, કે સર રીચર્ડ ગમે તેવી કુનેહથી તેઓ સામે લડવા લાગ્યો, તોપણ તે ઘણોવાર ટકી શકયો નહીં.

નસીબેબી તેને યારી આપી નહીં–કાંયકે જેવી તેણે એકજણની ડાંગ તેના હાથમાંથી ઉડારી નાંખી, તેવોજ તેનો પોતાનો ઘોડો ભડકયો અને તેને નીચે નાંખી નાહાઠો.

પેલી ડાંગ હવામાં ઉડીને પેલા પાહાડની બાજુએ અઠડી. તે ડાંગ તેનો ધણી પાછી લેવા તો ગયો પણ એક નહીં ધારેલા બનાવે તે અટકી પડયો.

તુરત તેના કાને બંદુકનો એક અવાજ આવ્યો—ગોળી પોતાની નેમ પ્રમાણે આબાદ ઉડી—અને તે લુટારો પોતાના હાથ ઉંચા કરી, એક ચીચારી મારી ચતો પાટ મુડદું થઇને પડયો. તેજ પલે તે બંદુક ટાંકનાર આદમી તે જગે હાજર થયો અને પેલીજ ડાંગ લેઇ સર રીચર્ડની મદદે ધસ્યો, અને બીજાનેબી જમીનદોસ્ત કરવામાં તે ફતેહ પામ્યો.

તેટલાં વળી જે લુટારાને આપણા ઉમરાવે નીચે નાંખ્યો હતો, તે ઉઠીને ઉભો થયો; તે અને એક બાકી રહેલો કરી બન્ને પેલા નવા આવનાર પર તુટી પડ્યા. તુરત સર રીચર્ડ જોર કરી ઉભો થયો અને હવે ત્યાં ઝપાઝપી એક સરખી જાગી; પણ થોડુંકમાંજ તે લુટારાઓને માલમ પડયું કે સામેનું જોર તેમનાં કરતાં વધુ થઇ ગયું હતું, તેથી તેઓ પીઠ ફેરવીને નાહાઠા.

તે પારકો મર્દ તેમની પુઠે દોડવા જતો હતો, પણ તેને સર રીચર્ડે તેમ કરતો અટકાવ્યો.

"સબર, અય જવાન! આગળ જવાનું કામ નથી, તેં આજે મારી જીંદગી બચાવી છે તેને માટે હું તારો ખરાં દીલથી આભારી છું."

"તમો મને કોઇ રીતેબી આભારી નથી. એક આદમી તેના બીજા ભાઇબંધ તરફ જેમ ચાલવાને બંધાયો છે, તેમ આજે હું તમો સાથ વર્ત્યો છું. તમારી હાલતમાં હું હતે તો તમો પણ મારી માફકજ મને મદદ કરતે—પણ આહ! આ તમારો નોકર કે?"

"ગરીબ બીચારો વિલમટ!"

"આહ! સાહેબ, એ જીવેછ." અને એમ બોલી તે જવાને તે બેહોશ થયલા વિલમટને ઉઠાડીને બેસાડયો "ફટકાથી બેભાન થયો હશે—ફટકો સજ્જડ પડયો—છેક ભેજાંની નજીકજ લાગ્યો." વિલમટે આંખ ઊઘાડી અને થોડીક પલ આમ તેમ ડોલા ફાડી તે જોવા લાગ્યો.

"આહ, પણ મારા બાહાદુર બચાવનાર, હજી સુધી મેં તુંને મારૂં નામ નથી જાહેર કીધું. રજા આપ ત્યારે મને જણાવવાને કે જેને તે આજે પોતાની જીંદગી સુધીનો તારો આભારી બનાવ્યો છે, તેનું નામ સર રીચર્ડ ફીન્ચ છે."

"લડાઇના સફા પર તમારૂં નામ પુરતું જણીતું છે." તે જવાને નમીને કહ્યું, અને પછી પોતાનું ધ્યાન પાછું વીલમટ તરફ ફેરવ્યું.

વિલમટે પોતાની મેળેજ તેમની મુસાફરી શુરૂ કરવાને જણાવ્યું, હવે આગળ વધવાને માટે તે પુરતો શકતીવાન હતો; તેનું માથાંનું દર્દબી હાલ કમટી હતું.

"મેં મારૂં નામતો તને કહ્યું, હવે તું મને તારૂં નામ કેહેશે? આજથી હું તને મારો એક મીત્ર લેખુંછું."

"મારાં નામ પાછળ નથી ખેતાબ કે નથી મારાં નામમાં કશી મોટાઇ કે મગરૂરી; હું એક ગરીબ નહીં જણાયલો નાવારેસ આદમી છું, તોબી સાહેબ તમો જેવાની દોસ્તી માટે તમારો સદાનો આભારી રહીશ અને મારૂં નામ માંગવાના તમારા સવાલના જવાબમાં મને કેહેવા દો કે મારૂં નામ હ્યુબર્ટ ફૉરેસ્ટર છે."

પોતાનું આ બોલવું પુરૂં કરી, વળી તે વિલમટ તરફ ફર્યો—તે કેમ છે તે જોવા કે કદાચ આ વાત અહીંજ તોડવા તેણે તેમ કીધું તે કોણ જાણે; અને તેથી સર રીચર્ડ જે અજાયબીથી તેને જોતો હતો, તે તે પોતે દેખી શકયો નહીં. તેને એ પ્રમાણે જોઇ પેલો સર નાઇટ કાંઇ વિચારમાં પડયો અને પછી તેને પુછ્યું, "અહીંથી પેલું માછીમારોનું ગામ કેટલું દુર છે?"

"ફકત દોઢ માઇલ જેટલું છે, પણ હું નહીં ધારતો કે તમો સાહેબ ત્યાં જવાના હોવ."

વળી પાછો તે નાઇટ વિચારમાં પડયો અને પુછ્યું:

"વારૂં તે ગામમાં કાંઇ મુસાફરખાનાં જેવું છે? કાંય, કે મારા વફાદાર વિલમટને એક કલાકની આસાયશની જરૂર છે, અને ત્યાંજ જરા રતી ખાઇ લેઇ પાછી મુસાફરી ચાલુ કર્યે."

"હા, ત્યાં તેવું કાંઇક છે ખરૂં, પણ તે એટલું નજીસ અને કંગાલ છે કે હું નહીં ધારતો કે તમો સાહેબ ત્યાં પગવટીક મુકો, પણ એકુ કલાકની આસાયશથી તમો મારાં ગરીબ મકાનને માન આપશો તો ખાતરી રાખજો કે મારે ત્યાં તમોને ભોજણ સારૂં અને સુતરૂં પણ સોજતું મલશે."

"ચાલ ત્યારે જેમ તારી મરજી મારા દોસ્ત, કે વળી તારી સાથેબી જરા વધુ પીછાંણ પડે કેમ વિલમટ ઘોડાપર બેસી શકશે કે ?"

વિલમટે 'હા' નો જવાબ આપ્યો અને વ્હેલો વ્હેલો ઉઠી ત્યાં પડેલી પીસ્તોલ તે એકઠી કરવા લાગ્યો. અને હ્યુબર્ટ પેલાઓનાં મુડદાં રસ્તાપરથી ખસેડી બાજુ કરવા લાગ્યો, કે તેમને જોઇ બીજા રાહદારીઓમાં ભય પેસે નહીં. હ્યુબર્ટ તેઓથી દુર ગયો તે ટકનો લાભ લેઇ સરરીચર્ડે પોતાના નોકરને કાનમાં કહ્યું "વિલમટ આ પેલોજ જવાન છે કે !"

"શું સાહેબ, જેને શોધતાં આપણે છાંટક—"

"બસ ચુપ ! એક બોલ નહીં—અજબ થયલો ના દેખા તે વ્હેમાશે. મને એમ માનવાને કાંઇક કારણ છે, પણ પરવરદીગાર કેવા અજબ સંજોગ ?"

પ્રકરણ ૭ મું.

વધુ વાતચીત.

હ્યુબર્ટ પેલાઓનાં મુવેલાં શરીરને આસેપાસેની ઝાડીમાં સંતાડી તેઓ આગળ આવ્યો.

હ્યુબર્ટ સર રીચર્ડના ઘોડાની પાસે પાસે ચાલતો, જ્યારે વિલમટ પોતાની તબેહ પ્રમાણે પાછલ આવતો હતો.

સઘળાઓ વચ્ચે ચુપકીદીજ ચાલુ રહી.

સર રીચર્ડ કાંઇ વિચારમાંજ હતો અને હ્યુબર્ટને અંતે આ ચુપકીદી કંટાળા ભરેલી લાગવાથી, તે જગ્યાનું વર્ણન, ત્યાં મલતા શીકારો, સરોવરમાંથી મલતી માછલી, ત્યાં ઉગતાં ઝાડો વિગેરેનાં બ્યાનથી આપણા સર નાઇટનો વખત સોહોવાવા લાગ્યો; તેની ભાષાની ઝમકજ એવી હતી કે તે સર નાઇટ જરાબી કંટાળ્યા વગર સઘલું ખુશીથી સાંભળતો.

વાતમાં ને વાતમાં ગામડું તો આવી પુગ્યું—કહો કે તેઓ ગામડાં આગળ આવી પુગ્યા; હ્યુબર્ટ તેમને એક ઝુપડાં તરફ લેઇ ગયો; તે ઝુપડું બીજા હારબંધ ઝુપડાંઓથી અલગ અને અલાહેદું હતું. ત્યાં વલી પેલું મુસાફરખાનુંબી હતું, પણ તે એટલું હાલહવાલ કે સર રીચર્ડના દરજ્જાના કોઇનેબી ત્યાં પગ મુકવા નહીં ગમે.

ઘોડાનાં પગલાંનો અવાજ સાંભળી તે મુસાફરખાનાંનો માલેક પરોણાઓને મેળવવાની આશામાં બાહાર નીકળી આવ્યો, પણ તે છેકજનીરાશતો થયોજ નહીં. હ્યુબર્ટે તે બેઉ પરોણાના ઘોડા ત્યાં બંધાવ્યા અને તેમને પોતાને તે પેલાં ઝુપડાં તરફ લેઇ ચાલ્યો.

એક મધ્યમ વયની વિધવાનું તે ઘર હતું, જેણીનો ખાવીંદ તે સરોવરમાં અકસ્માત ડુબી મરણ પામ્યો હતો; પણ તેણે પોતાનાં ચાલતાં ચલણમાં પોતાની કમાઇનો કેટલોક ભાગ બચાવ્યો હતો, તેથી તે પોતાની વીધ્વાને માટે પોતા પાછલ તે ઘર, બે એક હોડી અને થોડુંક રોકડ મુકી જવા પામ્યો હતો. એ પ્રમાણે ડેમ બારલો તે હોડીઓને ભાડે ફેરવી, તે ગામમાં આવતાં જતાંઓને પોતાના ઘેરમાં રાખી ખવાડી પોતાનું ગુજરાંન આબરૂ દરકારથી કરતી હતી.

તે સરોવરની કીનારીથી તે ઝુપડું વીસ° વારને છેટે હતું અને ત્યાંથી એક માઇલને છેટે બરાબર સામે પેલો કીલ્લો આવેલો હતો.

ડેમ બારલો પોતાના જવાન ભાડુતને પોતાની સાથે બીજા બે જણાને લાવેલો જોઇ ખુશી-ખુશી થઇ ગઇ અને તેમની સગવડ સાચવવાને ગડબડ સડબડ કરી મુકી. ખાધાનું પોતાનું 'બીલ ઑફ ફેર' રજુ કરતાં તેણીએ ઉકમાઇથી જણાવ્યું કે ખાધાનાં લીસ્ટમાં તળેલી માછલીના આકારમાં એક વાણી આજે વધેલી છે. વાંચનાર, તળાવમાંથી તરતની પકડેલી તાજી તળેલી માછલી તે વળી તેમને મનસે એક આશીરવાદજ તો! અને જાણે તે બુઢીનાં બોલવાને ખામુખા ટેકો આપવાને લોઢી પર તર-તર તળાતી માછળીનો મઘમઘતો સોડમ ત્યાંની એક બારી વાટે, જોરથી ફુંકતા પવન સમેત એવો તો આબાદ તે પરોણાઓનાં નાકમાં ગયો કે સઘળાં છીં-છીં કરી છીંકવા લાગ્યા અને તેમના મોહમાં પાણી છુટું!

"જોકે બૅારોડેલમાં મેં ખુબ ચાંપ્યુંછ તોબી મારા જવાન દોસ્ત, તારે ત્યાંનાં આ મઘમઘતાં મિષ્ટાનને પુરેપુરો ઇન્સાફ આપવાનો મારો વિચાર છે."

તેજ પળે પેલી ડેમ બારલો ભોજણ લઇ આવી. અને સર રીચર્ડ અને હ્યુબર્ટ જમવા બેઠા; પણ વિલમટ તેમનાથી જરા દુર સભ્યતા સાચવી ઉભો રહ્યો.

"માફ કરો તો કહું સર નાઇટ કે તમારા આ વિલમટનેબી જમવાની જરૂર—"

"હા, ઠેંકયું. ઠીક વિચાર તુંને આયો-આવ! વિલમટ આજે તો તું સાથે બેસીને જમ" આ હુકમને તાબે થઇ પેલો વિલમટબી જમવા બેઠો.

"મને પુછવા દેશે દોસ્ત, કે તું હ્યાં કેટલા મહીના થયા આવી રહ્યોછ?" જમી રહ્યા પછી તેઓ સઘળા બાહાર ફરવા નીકળ્યા ત્યારે સર રીચર્ડે હ્યુબર્ટને પુછ્યું.

"છ સાત મહીના થયા હશે" હ્યુબર્ટે જવાબ આપ્યો અને પાછી તેની ઢપછપ ગંભીર અને વિચારવંત થઇ ગઇ.

સર રીચર્ડ ફ્રેન્ચ સરોવરને નિહાલતો હતો પણ ખરૂં તો તે હ્યુબર્ટને ધ્યાનથી જોતો હતો.

"આ કરતાં વધુ સુંદર દેખાવ કયાં જોયો હતો સર રીચર્ડ?"

"ખચીત, કંઇ નહીં દોસ્ત; અને તુંનેબી હ્યાં રેહેવા ગમે તેમાં નવાઇ નહીં. હ્યાંથી પેલો કીલ્લો ઘણો રલીયામણો લાગેછ. એ કીલ્લો હાલ સર માઇલ્સ કૉર્ટલૅન્ડના કબજામાં છેની?"

"હા, તે કિલ્લામાં હાલ સ-સર માઇલ્સ કૉ-કૉર્ટલૅંડ રેહે છે." અચકાતાં અચકાતાં હ્યુબર્ટ બોલ્યો અને વળી પાછો સર રીચર્ડ તેને ધ્યાનથી જોવા લાગ્યો. હ્યુબર્ટનો ચેહેરો લાલ થઇ ગયો હતો. તેની નજર તે કીલ્લા પરજ ચીટકી બેઠી હતી. અને સર રીચર્ડનાં એટલાં ધ્યાનનો તે શીકાર છે તેનો વ્હેમ વટીક તેને નહીં આવ્યો.

"સર માઇલ્સ કૉર્ટલૅન્ડબી આપણા રાજાની તરફેણમાંજ હતો" સર રીચર્ડે પોતાનું બોલવું ચાલુજ રાખ્યું—

"અને કેટલાંક વર્ષ સુધી તો હમો બન્ને એકમેકને વારંવાર મળ્યા કરતા હતા, પણ ત્યાર પછી કાંઇક મુદત થઇ મેં એને જોયોજ નથી. જાણે એનું નામ વટીક મારાં ધ્યાનમાંથી જતું રહ્યું હતું, અને ચોકસ કામસર જો મને આ ભાગમાં આવવું પડતેજ નહીં તો હું એને યાદ કરતેજ નહીં."

"આહ! ત્યારે તમો એ સર માઇલ્સને મળવા તેને મુલાકાતે તો જશોજ" હ્યુબર્ટ બોલી ઉઠયો. અને હ્યુબર્ટનાં આ બોલવામાં કાંઇક અસાધારણ ઉતાવળ હતી જે આપણા સર રીચર્ડથી છુપી રહી નહીં. વળી પાછો હ્યુબર્ટ લાલ થઇ ગયો અને પેલો ચગોર નાઇટ તો જાણે એ સઘળું જોતો જાણતો હોયજ નહીં તેમ ઉભો રહ્યો.

"હા, જઇશ તો ખરો પણ ત્યાં જવાની મને ફુરસદબી મળવી જોઇયે કેની? તો જો કે હવે તો મારો રસ્તો તે તરફનોજ છે પણ બુઢો સર માઇલ્સ કેમ છે? હવે તો એ બચરવાલ થયો હશે?"

"હા, એક છોકરી—"

"બસ એક પુરી છોકરીજ? તે કેટલાં વર્ષની હશે? જો હું ભુલતો નહીં હોવું તો એ મારા કરતાં દસેક વર્ષ વડો છે, પણ એ પરણ્યો ક્યારે તેની મને કશી સુરતા નથી. આહ! શું વખત જાયછ? અને જ્યારે આપણે દુન્યાની ગડબડ અને દોડધામમાં હોઇયેછ ત્યારે તો વખત જતો આપણને માલુમ પડતોજ નથી."

"તેણીની ઉમર આશરે વિસેકની હશે."

"ખુબસુરત છે કે? કારણ કે મારા ધારવા પ્રમાણે સર માઇલ્સ પોતે કાંઇ દેખાવમાં ઘણો નથી."

"હા; ખુબસુરત તો ઘણીજ છે, અને જેટલી ખુબસુરત છે તેટલી તેણી ભોળી અને ભલી છે, એમ તમોને હ્યાંનો કોઇબી રહીશ કેહેશે."

"ત્યારે તો બેશક તેણીને ચાહાનારાઓની ચશ્મ તેણી ઉપર ઘણી હશે. એક તો ખુબસુરતી અને બીજું પૈસો અને તારા કેહેવા પ્રમાણે સર માઇલ્સ પાસે ઠીક જીવ હશે."

આ સવાલપર હ્યુબર્ટ માત્ર ચુપજ રહ્યો અને હાલ તેનું મોહ તેણે બીજી ગમ ફેરવેલું હોવાથી સર માઇલસ તેની લાગણી તેના ચ્હેરાપરથી પારખી શક્યો નહીં, તો પણ તેની એટલી તો ખાતરી થઇ કે તે બાબદ તેના જવાન મિત્રને એક યા બીજાં કારણસર અણગમતી હતી. તેથી તે તે બાબદ ફેરવીને બોલ્યો—

"હા, સાચ્ચે શું તે કીલ્લાનો દેખાવ છે, અને તે આ સરોવરનાં શાંત સુતેલાં પાણીને બરાબર મથાળે તે ખડકની ટોંચપર આવેલો છે એ ખરૂં કેની?"

"આ કીલ્લાનો બરાબર દેખાવ ધ્યાનમાં લેવો હોય તો આ મારી હોડી હાજર છે"

"ઉપકાર થયો, પણ મને મારી એ ખાયેશ પુરી પાડવાનો વખત નથી. હું ધારૂંછ કે હવે મારે જવાનીબી તૈયારી કરવી જોઇયે.

"અરે હા, પણ દુર કયાં જઇયે, આથી પણ તમે કિલ્લાનો ઘણો ખરો દેખાવ જોઇ શકશો"

એમ કહી ગજવામાંથી તેણે એક નાનું દુરબીન કાઢી તેનો બરાબર ચોકશ ગોઠવી તે સર રીચર્ડને આપ્યું."

"ખરેખર કાંઇ દુરનું જોવાનો એ ઉપાય સારો" એક પલ સુધી તેમાંથી જોઇ સર રીચર્ડ બોલ્યો.

"આહ! બધું કેવું ખુલું દેખાયછ! ખડકની નીચે એક નાનું બાંધકામ બાહાર નીકળી આવ્યું હોય તેમ—"

"તે તો કીલ્લાને લગતી હોડીઓ રાખવાનું એક નાનું મઠક છે."

"હા, તેમજ જણાયછ! અને આખો કીલ્લો શું મજેહનો દેખાયછ? વાહ! કેવું સરસ દુરબીન છે? પેલી ખુલી બારીમાંની સરવે ચીજ વટીક હું જોઇ શકુંછ; અને—અને એક છોકરી ત્યાં બેઠેલી દેખાયછ, જાણે આબાદ **સરોવરની સુંદરી**! શું તેના વાળ હવામાં ફરફર ઉડે છે. આહ, ભાઇ તારૂં દુરબીન તો અજબ શકતી ધરાવેછ. જો—જો તેણી બારીપર કાંઇ મુકેછ. એક તુરો મને તો લાગેછ.

"એક તુરો?" હ્યુબર્ટ ચોંક્યો અને તેના હાથમાંથી દુરબીન ઝુટવી લેઇ, પોતે જોવા લાગ્યો. "હા, હા, તુરો તો લાગેછ પણ ફલોરા તો નથી દેખાતી? તે નીશાન—"

પણ તેનું સઘળું બોલવું સર રીચર્ડ સાંભળતો હશે કરી હ્યુબર્ટ આગળ બોલતાં અટકી પડયો. પણ આ વખતે સર રીચર્ડ તો કાંઇ સીસોડીમાં ગાયણુ ગાતો અહીં તહીં ફરતો હતો.

હવે વિલમટબી તદન સાજો થયોછ એમ તે અમીરની ખાતરી થવાથી તેણે પેલાં પોહોંચખાનાંમાંથી ઘોડા મંગાવ્યા.

"સાહેબજી મારા જવાન દોસ્ત, હવે હમો રજા લઇએછ. તુંને તસદી પડી માટે માફ કરજે અને યાદ રાખજે કે તેં મારો જાન બચાવ્યોછ તેનો ઉપકાર હું કદી ભુલીશ નહીં, સાહેબજી"

"સાહેબજી સર રીચર્ડ સાહેબજી" હ્યુબર્ટ બોલ્યો.

"ચાલ વિલમટ હવે આપણે કિલ્લા તરફનો રસ્તો લઇયે" જરા દુર ગયા પછી સર રીચર્ડે પોતાના નોકરને કહ્યું.

"ચાલ હવે પેલી નીશાણી શું કહેછ?" હ્યુબર્ટ એમ પોતાને મનથી બોલી પોતાની હોડીમાં કુદી પડી હંકારી ગયો.

પ્રકરણ ૮ મું.

પાછો મિલાપ.

"જ્યારેબી હું તુંને મળવા માંગીશ ત્યારે પેલીજ બારીએ ફુલનો એક તુરો મુકીશ."

આગલે દીવસની તેમની મુલાકાતની અંતે ફ્લૉરાએ તેને આ પ્રમાણે વચન આપ્યું હતું; અને તેથી તેની પોતાની માહબુબ તરફથી તેને આ નીશાની મળતાંજ તે જવાન આટલો ઉસ્કેરાઇ જાય તેમાં નવાઇ કશી નથી.

તે મેલાપની જગે તેણીને ફરી મળવાની ઉલટ તેની છાતીમાં પુર ઉમંગ સાથે જાગૃત થઇ આવી અને ફ્લૉરાની ફીકરનાં છુપાં કારણનો પડદો તેની સનમૂખ ખુલી ગયલો હોવાથી તેનાં મનમાં કુદરતી શંકા અને ચીંતા ઉત્પન્ન થઇ.

સરોવરનાં તે ચકચકીત પાણીપર તેની હોડી સડસડાત નીકળી ગઇ. તુરત હ્યુબર્ટ કીનારે ઉતરી પડયો અને તે જગ્યા આગળ દોડી ગયો.

ફ્લૉરા કયારની વાર જોતી ત્યાં ઉભી હતી. તે જવાને તેણીનો હાથ લઇ પોતાના હોઠસે દાબ્યો; પણ બીજીજ પલે તેની નજર તેણીના ચ્હેરાપર પડતાંજ તેણે જોયું કે તેણી કાંઇક શોકાતુર હતી. તેણે તેણીનું માથું લેઇ પોતાની છાતીસે ચાંપ્યું.

"આહ! ફ્લૉરા! પ્યારી ફ્લૉરા, મને ભય છે કે જે માટે હું ઘણો બીહીતો હતો, તેજ અંતે થયું હશે. કદાચ વધુ ભયંકાર કાંઇ તારા બાબમાં બન્યું હશે. તારો દેખાવ તારી રીત-ભાત એ સઘળું મને ચોંકાવવાને આજે પુરતું છે, મને વેહેમમાં ના રાખ, મને બધું કહી દે."

"મેં તુંને એવી કાંઇક ખબર માટે ગઇ કાલે કહી નહીં રાખ્યું તું કે—"

"હા, તેં મને કહી રાખ્યું તું કે એક ફાંકડો અક્કડબાજ તારા હાથની માંગણી કરેછ અને તે બાબે તારા બાપનીબી પુર મરજી છે. પણ ફ્લૉરા એટલું ચેતવાને તો તેં મને તૈયાર કીધોજ નથી કે બાપ સાથે બેટીબી તેમાં રાજી છે અને તેમ ખરેજ બન્યુંછ એમ કહી હું તુંને અપમાન કરવા માંગતોબી નથી."

"નહીં, હ્યુબર્ટ—નહીં. તે માટે તો મેં સોગંદ લીધાછ અને તે સોગંદને હું ખોટી તો નિવડીશ નહીંજ!"

"હું તારો ઉપકાર માનુંછ, મારી ફ્લૉરા! હા, તે તારા સોગંદ મને બોલેબોલ યાદ છે. તું બોલી હતી કે 'જુઠા સોગંદનો મારા જીવને પસ્તાવો કરાવવાને અને તારાં દીલને રંજીદા થયલું જોવાને હું બીજાની પરણેતર તરીકે કદીબી આ દુન્યાની હવા મારા દમમાં લેઇશ નહીં! આહા ફ્લૉરા હું જાણુંછ કે તારા આ વફાદાર પ્યારને ખાતર તુંને કેટલું બધું ખમવું પડતું હશે. બેશક તારો પીતા પોતાની બોહોંસને હજીબી વળગી રહોજ હશે અને હવે પોતાની

ઓહોંસને પુર અમલમાં મુકવાની દરેક તજવીજ તે કરતો હશે, અને તેથી તું જેવી એક તાબેદાર બેટી અને વફાદાર માહબુબનું દીલ કેટલા હદ સુધી દુઃખાતું હશે?"

"બચ્ચીત હ્યુબર્ટ, હું ઘણી કમનસીબ અને દુઃખી છું." અને આ વખતે ફ્લૅારા માહ મુસ્કેલીથી રડી પડતાં પોતાને અટકાવી શકી "તદન એકલી અતુલી મને સોહોવાયું નહીં મને લાગ્યું કે તારા વગર જીવવું તે મરવા બરાબર છે. મેં તને મળવા ઇચ્છયું અને તેથીજ પેલો તુરો મેં તે બારીપર મુકયો."

"તે ઠીક કીધું ફ્લૅારા" હ્યુબર્ટ તેણીને એક કીસ લઇને બોલ્યો. "તુંને મારો નહીં તો કોણુનો સધ્યારો? હું બીજું શું કરૂં? તારા બાપની હરસે આપણે પરણ્યે અને લાંથી નાહસી જઇયે?"

"નહીં, નહીં!" ફ્લૅારા બોલી ઉઠી. તેણીને યાદ આવ્યું કે ત્રેસીતિલબર્ન સાથે પરણુવાનું તેણીએ પોતાના પીતાને વચન આપ્યું હતું.

"અલબત નહીં હતો! તું જાણેછ કે હું તને કદી અપમાન કરૂં નહીં. તારા પીતાની સામે એટલી હદ સુધી થવાને હું તને હરગીજ સલાહબી નહીં આપું."

"ચાલ હ્યુબર્ટ હવે આપણે છુટાં પડયે. કીલ્લામાં જવાનો મારો વખત થયો. હવે તો જે બને તે ખરૂં. પરવરદેગાર પર મેં તો સઘળો આધાર બાંધ્યોછ અને હું જાણુંછ કે જેબી કાંઇ થશે તે તેનીજ મરજીથી થશે."

"હા, પ્યારી આ દુઃખ દરમ્યાન તે સિવા આપણું કોઇ નથી તેના વિશ્વાસમાં આપણુને ઠગાવાનું કશું નથી."

"ચાલ સારે સાહેબજી."

"સાહેબજી, હવે કયારે મળશું, ફ્લૅારા?"

"હા હવે કયારે મળશું? તું જાણેછ હ્યુબર્ટ કે હું મારી પોતાની મરજીની માલેક નથી અને—"

"તોબી હું પેલી બારીપરની નીશાણીની વાર તો જોઇશ, અને પ્યારી આપણુને મળ્યા વગર લાંબો વખત પસાર ના થવા દેતી."

"સાહેબજી હ્યુબર્ટ" અને હવે નહીંજ થોબાયાથી પોતાના હ્યુબર્ટની છાતીપર માથું મુકી ફ્લૅારા રડી પડી પણ તુરતજ તે પ્યારી અને મીઠી કોટીમાંથી પોતે છુટી થઇ ત્યાંથી ચાલી ગઇ. થોડેક છેટે જઇ તેણીએ રૂમાલે નીશાન કીધી અને ત્યાંથી તુરત ગેબ થઇ ગઇ.

"આહ! છુટાં તો પડયાં, અને કદાચ હવે મેળાપ થાય કે નહીં થાય! અરે પરવરદીગાર આ જવાનીપર કેવી જફા?" તેણી જતાં જતાં બોલી, અને ત્યાં લીલાં ઘાસમાં પોતે બેસી પડી જારજાર રડી, અને તેથી તેનાં ગમથી ઘેરાયલાં દીલને કાંઇક ખુલાસી મળી અને અડધોક કલાક ત્યાંજ ગાળી કાઢી કીલ્લા તરફનો તેણીએ રસ્તો લીધો.

જેવી તેણી ત્યાં પુગી કે તેણીના બાપે તેણીને હાંક માર્યો:

"અહીં આવ, ફ્લૅારા, અહીં આવ, મારો એક જુનો દોસ્ત અત્રે આવ્યોછ તેની સાથ તને ઓળખાણ કરાવું."

ફ્લૅારા, પોતાનું મોંહ થાવકું કરી પોતાના પીતા આગળ ગઇ, અને તેણીને જોતાંજ તેણીના બાપનો પેલો મિત્ર પોતાની ટોપી કાઢી તેણીને નમ્યો.

"એવણનું નામ સંર રીચર્ડ ફીન્ચ છે; તારા જનમનીબી અગાઉ ફ્લૅારા મારો એ દોસ્ત મારી સાથે જોડેજોડ લડાઇમાં લડતો હતો. અને આજે અત્રે કાંઇ કામસર પધારતાં પોતાના જુના મિત્રને યાદ કર આ કીલ્લાને માન આપ્યું છે."

"તમારા એટલા જુના દોસ્ત સાથે ઓળખ કરવાને હું મગરૂર છું પીતાજી."

"અને ફ્લૉરા જોકે એવણુ ત્યાં થોડા દાહાડાં રેહેવા ના પાડેછ, પણુ આજે આપણી સાથે જમવાને તો કબુલ થયા છે, માટે જરા જોજે કે સઘળું બરાબર છે."

"હા, બાવાજી હું હમણાંજ જઇ સઘળી તૈયારી કરૂંછ."

"મારે ખાતર ઘણી વેઠ કરવાની અગત નથી બાનું," સર રીચર્ડ ફીન્ચ બોલ્યો. "મારા આ દોસ્તને જોવાથી મારી અડધી ભુખ તો ભાંગી ગઇ છે, અને હમો સીપાહોને કાંઇ સ્વાદિષ્ટ પકવાનની જરૂર નથી"

ફ્લૉરા નમીને ચાલી જતી હતી, પણુ તેને અટકાવી સર માઇલ્સ બોલ્યો "હા, ફ્લૉરા સારૂં થયું મને યાદ આવી કે માસ્ટર ત્રેલી તિલબર્નેંબી અત્રે આવવાને મને વચન આપ્યું છે અને તે હમણાં આવી લાગશે, માટે ટેબલ ચાર જણુની માંડજે."

ફ્લૉરાના ચ્હેરાના રંગમાં તરેહવાર ફેરફાર થયો અને એકબી બોલ બોલ્યા વગર તેણી ત્યાંથી ચાલી ગઇ.

"કેમ મારી દીકરીને જોઇ? કેવી છે?" સર માઇલ્સે પોતાના દોસ્તને પુછ્યું.

"મારા દોસ્ત, તારા એ બેઊ સવાલોનો જવાબ એજ છે કે તારી બેટીમાં તું એક બેમુલું ઝવાહીર ધરાવેછ."

"તેણી અહીં આવી તે વખતે હું તને કેહેતો હતો તેમ તેણીને અત્રેનાજ એક સોહામણા અને મોભાદાર ગૃહસ્થ સાથે—"

"તે ગૃહસ્થ તે હમણા તમો બોલ્યા તે માસ્તર ત્રેલી તીલબર્ન કે?"

"તેં કેમ જાણ્યું? મેંતો તુંને એટલું બધું—"

"મેં કેમ જાણ્યું? જેવું તમે તેનું નામ દીધું કે તમારી ફ્લૉરા પોતાના ચ્હેરાપરથીજ પકડાઇ આવી. એ માસ્તર તિલબર્ન ધંધો શું કરેછ?"

"ધંધો—ધંધો તો કાંઇ કરતો નથી. પૈસા છે ખરા–કેની? પોતાની રીતભાતમાં અને ખવાસમાં એ વળી કાંઇ અજબ તરેહનો છે. હમણા એ અહીં હતો પણ મેં તેને સાથે જમવા કહ્યું તે પોતાને ઘેર કપડાં બદલવા ગયો. એ બાબતમાં એ ઘણોજ ચોકસ છે. પણ લેવો તેજ આવે છે."

માસ્તર તીલબર્ન પોતાના ફાંકડા ઘોડાપર સવાર થઇ આવ્યો. તેનો દેખાવ, તેની ચાલચલણુ અને તેની રીતભાત એટલી તો હસી કાઢવાજોગ અને એવી તો તાણીતોડીને ધારણુ કીધેલી હતી કે કોઇબી સામું આદમી તેને હસી ધિક્કારી કાઢયા વગર રેહેજ નહીં.

તે પોતાના સર્વથી સુંદર પોશાકમાં સજ થયલો હતો. સર માઇલ્સ કાર્ટલેન્ડને પોતાની સાથે એક પારકાને ત્યાં ફરતાં જોઇ તે પોતે ઘોડાપર ઉતર્યો અને ઘોડાને પોતાના નોકરને સોંપી પોતાના અંગુઠાપર કુદતી ચાલે તે તેઓ આગળ આવ્યો.

ત્યાં સર માઇલ્સે એકમેકની ઓળખાણુ કરાવ્યા પછી તેઓ વચ્ચુ ખુબ વાત ચાલી જેમાં માસ્તર ત્રેસી તિલબર્ન પોતાના પોષાકની પોતાને ત્યાંના નોકર નફરોની પોતાના ચ્હેરાની એવી એવી અતી સરેહ કરવાને ચૂકયો નહીં.

થોડીક વાત કીધા પછી સર માઇલ્સ અને સર રીચર્ડ ફીન્ચ કિલ્લામાં દાખલ થયા. માસ્તર ત્રેસી તિલબર્ને જમવાનો વખત થાય ત્યાં સુધી ત્યાંજ થોભવાનું પસંદ કીધું.

"હં, ત્યારે લગન હવે જલદી થવાનાં હશે?" સર રીચર્ડે પુછ્યું.

"સનીવારે સાંજે આંઠ વાગે લગનની ક્રીયા થશે?"

"એટલી જલ્દી, આજે તો બુધવાર થયો!"

"હા, ત્રણ દિવસ છે. પણ દોસ્ત એટલો વખત તું અત્રે નહીં થોભે? તારા એક જુના દોસ્તની આ અરજ તું બાહાલ નહીં રાખે ?"

"ઠીક બાઇ, હું કબુલ છું. તેટલો વાર હું અહીં થોભીશ."

તેના દોસ્તે પોતાની મરજી રાખ્યાથી સર માઇલ્સ ઘણો ખુશી થયો અને તેને તેના બાપકના ઓરડામાં તે લઇ ગયો.

સર રીચર્ડને તેનો ઓરડો દેખાડી સર માઇલ્સ પોતાના ઓરડામાં ગયો.

"ચાલ એબી ઠીક થયું?" તે પોહોંચેલ બુઢો પોતાને મનસે બોલ્યો. "ત્રણ દાહાડા તે દુકતીનો કકલાટને કાકલુદી મારીથી નહીં દેખી શકાતે. સર રીચર્ડ ફીન્ચના દેખાતાં તેવો રકાશ ફ્લૉરા કદી કરશે નહીં."

તે અરસામાં સર રીચર્ડ ફીન્ચ જમવા ઉતરવાની સઘળી તૈયારી કરવા લાગ્યો અને વિલ્મટ કાંઇક કપડાં ગોઠવતો હતો. એકાયક સર રીચર્ડ બોલ્યો "વિલ્મટ, તારી ઠાક ઉતરીછ?"

"તદન સાહેબ."

"ચાલ ત્યારે તું તારા ઘોડા પર કુદી બેસ અને અહીંથી પાસેના એકુ ગામડાંમાં જા અને—"

"ઓરોડેલના કરતાં બીજું વધુ નજીક નથી."

"ત્યારે ઓરોડેલ જા, અહીંના નોકરોને કાંઇ બાહાનું બતાવજે. કાંઇ કાગળ વીસરી ગયો કે પારસલ ભુલી આવ્યો એવું કાંઇક તેમને કેહેજે અને–પણુ થોભ મને કાગળ કલમ આપ! મારે કાંઇક લખવું છે. આપણો રાજા હાલ વેરીક ખાતે છે. વેરીક કેટલુંક દુર હશે?"

"અહીંથી ૨૦૦ માઇલ દુર સાહેબ."

"ઠીક ત્યારે ત્યાં પુગવાને વખત છે. લાવ હું ચીઠી લખી કાઢું."

"લે મારા ભલા વિલ્મટ તું ઓરોડેલ ઉડી–ઉડીજ જજે હં કે? આ થેલીમાંથી ગમે તેટલા પૈસા લે. ઓરોડેલથી તારી ખાતરીનો એક ખેપ્યો ભાડે કરજે અને દોડતો તેને વેરીક ખાતે રવાના કર; તે માંગે તેટલા પૈસા તેને આપજે અને વધુ તેને એટલું જરૂર કેહેજે કે જો તે અત્રે સનીવારે સાંજે સુર્ય આથમતાં આગમજ આવી લાગશે તો તેને તેની મેહેનતના ૨૦ સોનાના સિક્કા વધુ મળશે."

વિલ્મટ પોતાના શેઠને નમ્યો અને ત્યાંથી ઉપડી ગયો.

થોડીક મીનીટમાં જમવાનો ઘંગ વાગ્યો અને સર રીચર્ડ ફીન્ચ જમવાના ઓરડામાં દાખલ થયો જ્યાં સર માઇલ્સ કૉર્ટલેન્ડ, ફ્લૉરા અને ત્રેસા તિલબર્ન તેની રાહ જોતાં બેઠાં હતાં.

પ્રકરણ ૯ મું.

સરોવર પર સ્વપ્નું.

ભોજણુ પુરું થયું.

ફ્લૉરા ઉદાસી ફ્લૉરા—પોતાના પિતાને તેમના પરોણાઓ સહીત શરાબની સોહબત સોંપી તે ભોજનગૃહમાંથી વિદાય થઇ. સર માઇલ્સ કૉર્ટલેન્ડે તે વખતના એક અચ્છા ગૃહસ્થને છાજે તેવી મેહેમાનદારી બજાવી અને સર રીચર્ડ ફીન્ચે પણુ તેની મેજબાની ખુશ મિજાજી મોજમાં ચાખી અને વાંચનાર તારા દોસ્ત ત્રેસી તિલબર્નની તો વાત તું બોલજ ના.

તે અડઘો ચસકેલ તે દહાડે પુરોજ ચકાસી ગયો. તેનું હંમેશનું હીલતું બદન તે દિવસે વધુ ડોળા ખાતું હતું. ઇતરાતમાં આજે તો તે વધુ અકડી ગયો હતો અને પોતાની રમુજપર

પોતેજ હસી દારૂની ખુમારીમાં એમજ સમજતો કે સઘળાં આસપાસનાઓને તે હસાવી હસાવીને મારી નાખતો હતો.

ફ્લૉરા જોકે દલગીર હતી તોપણુ સર રીચર્ડ ફ્રીન્ચ તરફ તેણી પુરતી સભ્ય અને સાલેસ હતી. ઉદાસીથી હડી રહેલો તેણીના ચેહેરાપરનો શાંત છાંયાને ત્રેસી–તીલબર્ન શરમાલપણું અને સભ્યતા સમજતો હતો.

ફ્લૉરા ગઇ કે દારૂનું લોહી ત્યાં છુટથી વહેવા લાગ્યું અને તે વખતના ચાલતા આવેલા ધારા પ્રમાણે સર માઇલ્સે તેના મેજબાન સર રીચર્ડની સલામતી ચાહી દારૂનું ગ્લાસ ઉઠાવ્યું. ત્રેસી તીલબર્ને તેનો દિલોજાનથી ટેકો આપ્યો કે—

"હું કોઇપણ લાયક આદમીની સભ્યતાની પિછાણુ કરવામાં પછાત પડતો નહીં હોવાથી ખુશીથી આ સલામતીમાં સામેલ થાઉં છું. સાથે રીચર્ડ ફ્રીન્ચ તમારી દોસ્તી માટે હું અતી ખુશ છું. પણ તમારા બાબમાં મને જે એકજ ચીજ નાખુશ કરે છે તે એ કે તમારો આજનો પોશાક મને પસંદ નથી પડતો. તમારાં કપડાંની તો વાત રહી પણ આ મારો મરીના રંગનો દગલો જે મને એકદમ 'ફીટ' બેસી મને કેટલી હદ સુધી શોભવેછ, તેનો ખ્યાલ સેહેલમાં થઇ શકશે અને મારા દોસ્ત તને પણ—"

"મારા લાયકીવાલા દોસ્ત તિલબર્ન" ત્યાં સર માઇલ્સ, વાત બેહેકેલી જોઇ વચે પડયો. "મારો મિત્ર એ સઘળી બાબદથી પુરમાહીતગાર છે, માટે તે વીશે કાંઇ વધુ બોલવું જરૂરનું નથી. લેઓ ત્યારે મારા એ લાયકીવાલા દોસ્તની સલામતી."

આટલી વાતચીત પછી ત્રેસી તિલબર્નને દારૂની વધુ ખુમારીમાંથી અટકાવવા સરમાઇલ્સે બાહાર કમપાઉંન્ડમાં ફરવા જવા ચાહ્યું, પણ ત્રેસીએ લઠડતી જબાને તેમ કરવાની ના પાડી પોતે ત્યાંજ બેસવા ચાહ્યું અને તેને ત્યાંજ મુકી સરમાઇલ્સ અને સર રીચર્ડ ફ્રીન્ચ બાગમાં લટાર મારવા નીકળ્યાં.

તેમની પછવાડે ત્રેસીબી ઉઠવા ગયો પણ ત્યાંજ ફેર આવવાથી પછડાઇ પડયો.

થોડીક વાતચીત પછી તેઓ જ્યાં ફ્લૉરા બેઠી હતી ત્યાં ગયા અને તેમને ફ્લૉરાએ પોતાના બાપની મરજીથી તેને માન આપવા ગાઇ વજાડી ખુશ કીધા.

સર રીચર્ડ દુન્યાનો ઘડાયલો અને પાકટ બુદ્ધીનો ચુનંદો સરદાર હતો. તેને ફ્લૉરા અને તિલબર્નનાં આ થનારાં કજોડાંથી એટલો તો અણુગમો ઉપજ્યો હતો કે તે પોતાનાં મનમાંજ બળીને રહ્યો. કારણકે તે વિષે વાત કાઢતાં તેનો દોસ્ત સર માઇલ્સ રખેને અપમાન લઇ જાય એવી તેને બીક હતી.

હવે આપણે પેલા 'ચંગા આશક' ત્રેસી તિલબર્ન તરફ જરા નજર કર્યે.

ભોજનગૃહમાંથી તે પડેલા ખડેલો ઉઠી અઠડતો અઠડતો બાહાર હૉલમાં આવ્યો પણ ત્યાં બતીની ગેરહાજરીથી અંધારૂં એટલું હતું કે ત્યાંબી કશા સાથે અઠડી પડી તેનો પગ ભાંગો. જેમ તેમ તે હૉલમાંથી બાહાર આવી એ સીડી પરથી નીચે ઉતરવા લાગ્યો. વાંચનારને ધ્યાન હશે કે એ સીડી વિશે હમે આગળ બોલી ગયા છીયે. એ તેજ હબી સીડી જે ખડકમાંથી કોતરી કાઢી હતી અને જેની નીચે મછવાનું નાનું મકાન હતું. એ સીડી પરથી નીચે ઉતરી તેજ ખડકમાં પડેલા એક મોટાં બગારાંને ચાંદ સમજી વાંકો ટીકો થઇ તેની સીફતમાં કંઇ લલકારવા લાગ્યો. ત્યાં તેને વળી કશાંની ચોકડ લાગ્યાથી તે તે સરોવરની નજદીક પડયો, અને જો માત્ર એક વાર જેટલો વધુ નજદીક પડયો હતો તો પાણીમાંજ જતે.

"હા, દોસ્ત ત્રેસી જરા તારાથી એકુ ગ્લાસ વધુ લેવાયું ખરૂં હં!" તે પોતેજ બોલી

પાછો ઉભો થવા ગયો. પણ નહીં તેના પગ ગેર્યાંની ગમત ભરી રમતમાં હતરી પડેલા હોવાથી તે ત્યાંજ પડયો.

તુરત ઉંઘે તેને વશ કીધો અને તે ઉંઘરેતો ઉકરડો ઢગલો પુંજો થઇને ત્યાંજ પુડયો.

રાત જોકે અંધારી હતી તોપણ સરોવરપર એકુ લટાર મારવાની જીજ્ઞાસા આપણો હ્યુબર્ટ ફોરેસ્ટ છીમાવી શકયો નહીં. તે તુરત પોતાની નાની હોડીમાં બાહાર આવ્યો અને અંધારાને આશરે તે છેક પેલા કિલ્લાની નીચે હલેસી આવ્યો.

પણ તે અરસામાં ત્રેસી તો ત્યાંજ પડેલો હતો. હવે તેનાં ઉંઘરેતાં મગજપર તરેહવાર સ્વપ્નો અસર કરવા લાગ્યા.

તેણે જોયું કે તેની આસપાસ વિટલાયલાં અંધારામાં કાંઇક અજાણી અને અણદીઠી રોશની ભભુકી નીકળી હતી. તે ચંદરમાની ચાદરણી યા બામદાદની રોશની માફક ધીરેથી ફુટતી નહીં જણાઇ પણ ગોયા એકદમ અને એકાયક તેની આસપાસની હીલતી હવા રોશન આગથી સલગી ઉઠી હોય એવું તેને લાગ્યું. પેલા સરોવરના પેટામાંથી કાંઇ વરાળના ગોટે ગોટા નીકળી તેના તરફ આવતા હતા. તેઓ તેની આગળ આવતાંજ ખુબસુરત પરીયાનાં આકારમાં ફેરવાઇ ગયાં. પેહેલાં તેઓ એકમેકસે હાથ જોડી ખુશ મીજાજમાં ગાવા નાચવા લાગ્યાં અને નાચતાં નાચતાં પેલી સીડી આગળ આવતાંજ તેમની નજરે પેલો છાકટ તિલબર્ન પડયો જેને જોઇ તેઓ સઘળાં ખડખડ હસી પડયાં.

એમ સઘળું તિલબર્ન સ્વપ્નામાં જોવા લાગ્યો. તે બીધો પણ જાગૃત થઇને ઉઠી શકયો નહીં. તેને લાગ્યું કે તે કાંઇક છુપા જાદુની અસર તળે આવી ગયો હતો. તે પરીયાં સઘળાં તેની આસપાસ એકઠાં મળ્યાં અને કોઇ તેનું નાક ખેંચવા લાગ્યું, કોઇ તેના વાળ તાણવા લાગ્યું તો કોઇએ તેનો ડગલોજ ધરીને ચીંડી કાડયો; એકે તો તેનાં પાસળામાં હલ્લેસુંજ ઘોંચી ઘાલ્યું. કોઇએ તો તેને એવી પછાડી ઝાડી કે તેનું હાડકુ કેમ નહીં ભાગુ તેના વિચારમાં હમો છઇયે અને આ મજાક મશ્કેરી એટલે સુધી ચાલી કે—

કેટલે સુધી ચાલી, પ્રિય વાંચનાર?

તે એટલે સુધી ચાલી કે પેલો તિલબર્ન આખરે જાગી ઉઠયો અને તેના મોંહપર તુરતંજ આસનપર ચઢેલા મગરેબની મહારાણી માહઓફ્તારનાં રોશન કીરણ પડયાં; હવેજ તે પોતાની ખરી હાલતથી વાકેફ થયો હતો. તે તદન ભીંજાઇને તરબોર થઇ ગયો હતો; તેનાં કપડા ભીણાઇને તરબોર થયાં હતાં. તેનો મરીના રંગનો ડગલો તો તદન ચીરાઇને રદ થઇ ગયો હતો; પણ ત્યારે એ સઘળી ખરાબી સ્વપ્નામાં થઇ કે? પેહેલાં તો તેણે વિચાર્યું કે તે સીડી આગળથી ત્યાં કેમ ઘસડાઇ ગયો અને પાણીમાં ભીણાયો કેમ?

વાંચનારને જણાવવાની હ્યાં કાંઇબી અગત છે કે એ સઘળી મસ્તી હ્યુબર્ટ ફોરેસ્તરે પોતાના બે ચાર માછીમાર દોસ્તો સાથે મળીને કીધી હતી?

તદન ફરડી ચટકી ત્યાંથી તે પાસેનાજ એકુ ઝુપડામાં ગયો જ્યાં પોતાની આ હસ્વા સરખી હાલતનું કાંઇક બાહાણું કાઢી તે રાત તેણે ત્યાંજ તોડી પાડી.

પણ સર માઇલ્સના કિલ્લામાં તેની શોધ ખોળ ચાલી હશે તેનું કેમ? પોતાની આવી હીણી હાલતથી તેને ઘણુંજ ખસ્યાણું લાગ્યું પોતાની અક્કલ પ્રમાણે તે ઉમારાવપર તેણે કાંઇક જુઠું અડાવી એક ચીઠી ચીતરી કાઢી તેમાં તેણે જણાવ્યું કે "અસુરી રાતે ચાંદરણી ઘોરતાં તે કેડે ભુલો પડી ગયો અને તેને એક ઝુપડાંમા તે રાતે ફરજ્યાત આશરો લેવો પડયો હતો. હાલ તેની તબ્યત કાંઇક બીગડેલી હોવાથી તે પોતાનેજ ઘેર જતો હોવાથી તેના નોકરને

અને ઘોડાને બનતી ઝડપે ત્યાં મોકલવાની તજવીજ લેવી. પોતે સલામત છે એવું કહી ફ્લૉરાની દીકરને શાંત કરી ધીરજ આપવા સર માઇલ્સને તેણે અરજ કરી હતી."

જે સહવારે તેણે આ ચીઠી લખી હતી તે બરેસ્પતવારની સહવાર હતી.

શુક્રવારથી કાંઇ જાણવાજોગ બનાવ વગર પસાર થઇ ગયો, અને સનીવારની સહવારે અત્તરની ખુશબોથી મઘમઘતી એક ચીઠી સર માઇલ્સ પર તેના ધોતાળ જમાઇએ મોકલી જેમાં તેણે લખ્યું હતું કે "હાલ તે તદન સારીપેઠે હોવાથી તેની (સર માઇલ્સની) બેટીને પોતાની હકદાર મોહોરદાર બનાવવા સાંજે કીલ્લામાં સાડાસાતને સુમારે આવી પુગશે."

લગ્નની ક્રીયા ૮ વાગે થનાર હતી અને ફ્લૉરાના બાબમાં તે સનીવાર કેવો નીવડયો તે આપણે આવતા પ્રકરણમાં જોઇશું.

પ્રકરણ ૧૦ મું.

* * * * *

તે સાંજ પડી.

તે તેજ સાંજ હતી કે જેને ફ્લોરા યાદ કરીને આટલા દીવસ અગાઉથી ધ્રુજતી અને લખલખતી હતી. સનીવારની તે તે સાંજ હતી કે જ્યારે તેણી પૈસાને મંદીરે હવસની મુરતીને પોતાનાં શરીરનો ભોગ આપનાર હતી. સનીવારની તે તે સાંજ હતી કે તે કોમળ અબળા પોતાના બાપને આપેલાં વચનને વફાદાર રેહેનાર હતી. વળી તે તેજ સાંજ હતી કે પોતાના માનીતા આશક હુબર્ટ ફૉરેસ્ટરને તેણીએ કહેલા બોલ કે "જુઠા સોગંદનો મારા જીવને પસ્તાવો કરાવવાને અને તારા દીલને રંજીદા થયલું જોવાને હું બીજાની પરણેતર તરીકે કદીબી આ દુન્યાની હવા મારા દમમાં લેઇશ નહીં" તેમને બોલેબોલ સાચી નીવડનાર હતી.

આ સઘળું તેણીથી કેમ બનશે?

તે આપણે આજ અંકમાં જોઇશું.

હુબર્ટને છેલ્લો તેણીએ જોયો ત્યાર પછી તેને તેણી મળીજ નહીં હતી.

સર રીચર્ડ ફીન્ચ, સર માઇલ્સનો પરોણો હતો તે હુબર્ટ જાણતો હતો. અને તે બેઉ દોસ્તોજ હતા એટલે તેમાં તેને નવાઇ જેવું કશું લાગ્યું નહીં. પણ ફ્લૉરાનાં લગ્ન એટલાં જલદી આવી લાગ્યાં હતાં તેની તેને સ્વપ્ને પણ ખબર નહીં હતી. જોકે ત્રેસી તિલબર્ન બાબે સઘળી વાતની તેને માહીતી હતી તોપણ તે એટલા હદ સુધીની ચોક્કસ અને તેને ચોંકાવનારી ખબરથી તે મુતલગ અજાણો હતો.

તેની સાથ તેણીના છેલા મેળાપ પછીથી તે તેણીનો દીદાર જોવાથી તદન બેનસીબ રહ્યો હતો.

ત્યારે અમોએ ઉપર કહ્યું તેમ તે સનીવારની સાંજ હતી. તે દીવસજ વાદલથી ઘેરાયલો અને અપસગનભર્યો લાગતો હતો અને જેમ જેમ સાંજનો સાયો રાતમાં પીગળતો ગયો તેમ તેમ આકાશ ભયંકર અને ભયભીત બનતું ગયું.

આ સઘળું છતાં ધારા પ્રમાણે હુબર્ટ તો પોતાની હોડીમાં બેસી સરોવરપર નીકળી પડયો, અને પોતાની હોડીને બરાબર વચમાં લીવી ત્યાં ઉભી રાખી. ત્યાંથી તેને તે કીલ્લાનો દેખાવ બરાબર દેખાતો હતો તે કારણુસર, કે પોતાની મનમોહન માહબુબનો માહતાબી મુખડો

જોવા તેણે ત્યાં લંગર કીધું તે અમો કહી શકતા નથી. પણ એટલું તો જણાવી શકયે કે માછલી પકડવાની પોતાની રોજની રમતને માટે જાલ ઇત્યાદી લાવવાને બદલે, સરોવરને તળે પડેલી કાંઇ ચીજ ખેંચી કાઢવાને લાયક દોરડાં વગેરે તે સાથે લેતો આવ્યો હતો.

બારે ડોળે તે કીલ્લા તરફ પણ જોયા કરતો હતો. જેમ જેમ રાત વધતી ગઇ તેમ તેમ, પછવાડેનો ઓરડો જેમાં ફ્લૉરા હંમેશ બારીએ બેસ્તી હતી ત્યાં તેણે ભભુકદાર રોશની થતી જોઇ. હવે તે તે ઓરડા તરફ વધુ અને વધુ ધ્યાનથી જોવા લાગ્યો અને સાથે સાથે, પોતે જે કામે આવ્યો હતો તે કામ પણ ત્યાં કરવા લાગ્યો.

હવે આ વખતે તે કિલ્લામાં શું બનતું હતું તે આપણે જોઇયે.

બરાબર સાડા સાત વાગે ખુબ ભપકાભર્યો પોશાક પેહેરી માસ્તર ત્રેસી તિલબર્ન કિલ્લે પધાર્યો. તેના ચેહેરાપર ફત્તેહની અચુક નિશાની હતી અને આજે ચાલવાનો તેનો લેહેકો છેક વધી ગયો હતો. તેની સાથે બે નોકરો આવ્યા હતા, જેમાંના એકના હાથમાં એક કોઠલો હતો જેમાં બદલવાનાં કપડાં હતાં, કારણકે તે વખતે ચાલતા આવેલા રીવાજ મુજબ વરરાજા પરણ્યા પછી છોકરીના બાપને ત્યાંજ તે રાત કાઢવાના હતા અને સહવારે વર કન્યાને પોતાને ત્યાં લેઇ જનાર હતા.

પેલા બીજા નોકરનાં હાથમાં એક દાબડો હતો, જે તેણે પોતાની પાસે બહુજ સંભાલથી રાખ્યો હતો. તેમાં શું હતું તે આપણે જરા પછી જાણીશું.

છેક અસુરેથી કીલ્લાના નોકર નફરોને પણ ખબર થઇ કે આજે તે કીલ્લામાં શાદીની ધામધુમ હતી. આ વાત સર માઇલ્સે પોતે જાહેર કરી હતી અને ફ્લૉરાએ પોતે પોતાની દાસી મારફતે તેને ટેકો આપ્યો હતો. પાસેનાં ગામનો પાદરી પણ ત્યાં આવી પોંહોંચ્યો અને ફ્લૉરા પોતાની દાસીને લેઇ લગનને માટે તૈયાર થવા પોતાના ઓરડામાં ગઇ.

ફ્લૉરાએ પોતાની હીંમત જેમ તેમ રાખી હતી અને ફ્લૉરાના તે વખતના દેખાવથી જો પેલી દાસી જરા ચોંકેલી નહીં હતે તો આ થનારાં બેહુદાં લગ્ન પર તેણી તરેહવાર ટીકા કરતે.

પેલા પછવાડેના ઓરડામાં ત્રેસી તિલબર્નને લેઇ જવામાં આવ્યો. જેની પુઠે પેલો દાબડો લેઇ નોકર પણ ગયો. તે દાબડો ત્યાં એક ટેબલપર મુકી પેલો નોકર ચાલી ગયો. તેની સાથે ત્યાં આવેલા સર માઇલ્સ અને સર રીચર્ડ સાથે તે ખુશ મીજાસથી વાત કરવા લાગ્યો, પણ છેલ્લાએ તો તેને તદન કોઠું નહીં આપતાં પોતાનું મોહ ફેરવી નાંખ્યું કે તે વખતે તેના ચેહેરાપર ચઢેલો જુસ્સો તે જોઇ શકે નહીં.

તેજ પલે પેલો ધર્મગુરૂ અંદર આવ્યો અને તેણે લગ્નનાં લાઇસન્સને લગતુ એક કાગળ્યું કાઢી પહેલાં ત્રિસીને વાંચવા આપ્યું અને પછી તેમાં ખાલી રાખેલી જગ્યામાં નામ, તારીખ ઇત્યાદી ભરવા લાગ્યો.

આપણો સર રીચર્ડ ફીન્ચ જેનો ઉશ્કેરાયલો જુસ્સો હાલ છેક હદપર આવી રહ્યો હતો તે આ ઓરડામાં પેલા ત્રણ જણાને રોકાયલા મુકી ત્યાંથી સટકી ગયો, અને આગલા હૉલમાં પગ મુકતાંજ તેને તેનો વફાદાર વિલયટ મળ્યો.

"આહ! એવું છે કે? તારીજ વાર જોતો હતો; કેમ કેવી ખબર?

"કાંઇજ નહીં મેહરબાંન" વિલયટ જે પોતાના શેઠના જેટલોજ ઉશ્કેરાયલો હતો તે બોલ્યો.

"અને આઠ તો વાગવા આવ્યા!" જરા ચીરડાઇને સર રીચર્ડ બોલ્યો. "તારી ખાતરી છે કે તે આદમી વિશ્વાસુ છે?"

"સર રીચર્ડ તે વિશે મને તો તદ્દન ખાતરી છે, તે હજીબી આવશે"

"હા પણ સવારે આવે તે નહીં આવ્યા જેવુંજ થયું. એક મીનીટ અસુરે આવે તે બાર મહીને આવવા જેવુંજ થશે."

"તમો મુરખી, એ લગ્નની ક્રીયામાં જરા ધીલ નહીં નાખી શકો?"

"ધીલ! અરે–હા, એકેક ઘડી જાયછ તે કીંમતી છે. ઠીક છે જોઉં. ચાન્સ અજમાણ તું જા વિલ્યટ ઘોડાપર પાછો જા અને તેને રસ્તામાં મળ. કદાચ ઠાકથી તે હેરાન થતો હશે, તે આસ્તે ચાલતો હશે. દોડની વ્હેલો થા."

સર રીચર્ડ પાછો પેલા ઓરડામાં ગયો, તેને જોઇ સર માઇલ્સ બોલ્યો "ચાલો ત્યારે હવે સઘળું તૈયાર હોવાથી ફ્લૉરાને આપણે અતરે હાજર કર્યે."

"એક પળ થોભો મારે સાક્ષી તરીકે જ્યારે ભાગજ લેવો છે ત્યારે આ લખત મને જરા ધ્યાનથી વાંચવા દેવો."

"અલબત, બરાબર છે" તે ધર્મગુરૂ બોલ્યો, અને પેલું લખત સર રીચર્ડ ફીન્ચને વાંચવા આપ્યું.

સર રીચર્ડે ખુબ ધ્યાનથી, જરા વખત કાઢવાની મતલબથી ખાખસુસ આસ્તે આસ્તે વાંચ્યું, અને પછી, એવાંજ એક લખતમાં કાંઇ ભુલને લીધે પોતાનાં એક દોસ્તને કેટલું ખમવું પડયું હતું તેનો લંબાણથી હેવાલ કહી સંભળાવ્યો.

જો કે હાલને સમયે તે હેવાલ તેના સાંભળનારાઓને તો તદ્દન કંટાળાભરેલો લાગ્યો તોપણ તેની તરફનાં માનને ખાતેર તે તેઓએ ધીરજથી સાંભળ્યો. આખરે તે હેવાલ સર રીચર્ડે પુરો કીધો અને ઘડીયાલ તરફ નજર કરતાં તેણે જોયું કે આ હીકમતથી તેણે વીસ મીનીટનો વખત ગાળી કાઢયો હતો.

હવે ફ્લૉરાને બોલાવવા મોકલી; અને તેણી તુરતજ આવી પુગી. તેણીએ આ વખતે તદ્દન સાદોજ પોશાક પેહેર્યો હતો અને ચેહેરાપર જાડો બુરખો નાખ્યો હતો.

તેણીની ચાલ તદ્દન ગંભીર અને ધીમી હતી, તેણીની પછવાડે ઓરડાનું બારણું બંધ થયું અને તેણીને ત્યાં લેઇ આવનાર દાસીઓ ત્યાંથી ચાલી ગઇ, કારણકે તે લગ્ન બીલકુલ ખાનગી હતાં.

ત્રેસી તિલબર્ન ડોળા ખાતો અને પગનાં આંગળાંપર ચાલતો તેણીની ગમ આવ્યો અને મોજાં સાથનો તેણીનો હાથ લેઇ પોતાના હોથસે દાબ્યો. તેને આટલું કરવા દેઇ તુરત તેણીએ પોતાના હાથ ખેંચી લીધો અને તિલબર્ન તેણીની શીફતમાં જે મોટાં મોટાં વાકયો ઘેરથી કોઇ પાસે લખાવી મોંઢે કરી આવ્યો હતો તે ભરડી ગયો.

"ચાલો ત્યારે હવે સઘળું તૈયાર હોવાથી આપણે ક્રિયાકામ શુરૂ કર્યે?" સર માઇલ્સ બોલ્યો.

"માફ કરો મારા ભલા દોસ્ત હજી એક બે ચીજ આપણે નક્કી કરવી છે."

"હેં! તે શું?" ત્રેસી તિલબર્ન બોલી ઉઠયો તે બીધો કે વળી કાંઇ સર રીચર્ડ પોતાની બીજી રસીલી (!) કથા કહી સંભળાવેછ કે શું?

"હું અજબ થાઉંછ મારા વ્હાલા અને જાની દોસ્ત ત્રેસી કે તું જેવું કેળવાયલો દુન્યા દેખેલો સમજું આદમી તે ચીજ ભુલી જાય. હું તો પેલા દાબડા—"

"અરે તે દાબડામાં તો ચોક્કસ દસ્તાવેજો, લખતો અને મારગેજ ખતો છે, જે લગ્ન પછી મારે સર માઇલ્સને સ્વધીન કરી દેવાં છે. પણ જો તમો સર રીચર્ડ એમ ધારતા હોય કે તે તમારે અતરે તમોને દેખાડવાં જોઇયે તો લ્યો, હું ક્યાં ના કહું છું." એમ કહી તેણે તે દાબડાને લગાડેલું તાળું ખોલી તે દાબડો ઉઘાડયો.

પ્રકરણ ૧૧ મું.

લગનમાં બધન.

"આહ! આફ્રીન છે તારાં આ મોટા મન અને ખુલાં દીલપર, માસ્તર તિલબર્ન" સર રીચર્ડ ફીન્ચે તેને બેહેકાવ્યો. "હવે બસ તારે એટલુંજ દેખાડવાનું રહ્યું કે જેણીનો હાથ તું આજે નેકામાં લેનાર છે તેણીના પીતા માટે તુંને પુરતું માન અને વિશ્વાસ છે."

"તે કેમ?" ત્રેસીએ પુછયું.

"તે એમ મારા માનવંત દોસ્ત કે આ થોડાં ઘણાં જે ખતો—"

"ઓહો, કાંઇ મારગેજ ખત છે, લખતો છે અને એવાં બીજાં ચીઠડાં—"

"બસ બસ, તે સઘળાંનો અસારેજ આપણે નાશ કર્યો કે શુભ લગન અગાઉથી સઘળી દલગીરી, ચીંતા અને ફીકરનું એ પાપી મુળ સદાનું નાશ પામે."

"હા, મી૦ તીલબર્ન જાણેછ કે હું મારા બોલને સાચોજ રેહેનાર આદમી છું; અને જોકે હું અગાઉથીજ—"

"હા ભાઇ તિલબર્ન, લગ્ન અગાઉ એ કામ કરી નાખવું એ માત્ર આપણ ખ્રીસ્ટીઓનાં ધર્મનુંજ ફરમાન છે" પેલો પાદરી બોલ્યો. તે બીચારો સમજતો તો નહીં કે ત્યાં સર રીચર્ડની શું મતલબ હતી.

પેલો તિલબર્ન આખરે સર્વે તર્ફની બોહોંસથી જે તદન ધુંગરાઇ ધુંગરાઇ ગયો હતો તે બોલ્યો" ઠીક છે, લેવો જ્યારે સઉનીજ મરજી એમ છે તો આ બધાંનાં દેખતાં બધાંને સાક્ષી રાખી આ સઘળાં ખત હું સર માઇલ્સને હવાલે કરી દેઉં છું."

"સર માઇલ્સે તે સઘળાં ઓચર્યાં લીધાં તે તદન અજાયબીમાં ગરક થઇ ગયો હતો. તેને સમજ નહીં પડી કે આમાં સર રીચર્ડની શું મતલબ હતી. વર્ષોની વળગેલી ફિકર અને ચિંતા એકાયક અને ચાયાનક દુર થઇ. આનો ભરમ પામવા તેણે સર રીચર્ડ તરફ જોયું પણ કાંઇજ માલમ પડયું નહીં. તેનો ચેહરો જેવો ને તેવોજ શાંત અને સ્થીર હતો.

ફ્લૉરા જે તેજ ઓરડામાં હતી, તેણે આ સઘળું સાંભળ્યું અને જોયું અને મનમાં મલકાવા લાગી કે આમાં કાંઇબી ભેદ હોવોજ જોઇયે, પણ હવે જ્યારે તેઓ સઘળા ક્રીયા કરવાની તૈયારી કરવા લાગ્યા અને સર રીચર્ડને જેવો ને તેવોજ શાંત જોયો ત્યારે તેણે પાછી દલગીર અને નિરાશ થઇ ગઇ.

રાતના નવ વાગ્યા હતા. રાત તમામ કાળી હતી—આસ્માનપર વાદલોના જમાવથી તે સદંતર બીહામણી લાગતી હતી, પણ તે સરોવરની સપાટીપર એક નાના તારા મિસાલ ઝમકતી એક બતી ફ્લૉરાને દેખાઇ. તે બતી શું હતી તે ફ્લૉરા ચેતી ગઈ. તે તેનીજ હોડી હતી કે જેને તેણી હવે મળનાર નહીં હતી.

"ચાલો, ફ્લૉરા હવે વખત થયો" સર માઇલ્સે તેણીને તેડી.

ક્રીયાની સઘળી તૈયારી થઇ ચુકી હતી માટે ફ્લૉરાએ પોતાના બાપને પુછ્યું "કેમ બાવાજી આ ગ્રહસ્થનાં દેવામાંથી તમો છુટાતો થયાછની?"

"પૈસાની બાબદમાં જે તમારા પીતા બંધાયલા તે દેવું હવે રહ્યું નથી પણ તમારે લગતું કરજ હજી તેવણુને અદા કરવાનું છે" પેલો પાદરી બોલ્યો.

"ત્યારે તો પ્રીય પીતાજી તમોને યાદ હશે કે તમોને માત્ર આ કરજમાંથી છોડવવાજ મારો ભોગ આપવા મેં કબુલ કીધું હતું અને તે કરજનો બોજો હજીબી તમારે સીર હતે તો તે ભોગ આપવાને હું ખુશી થતે પણ હવે તમો તેમાંથી મોકલાજ થયાછો તો જે પગલાં હું ક્રીયાની પછીજ લેનાર હતી તે ક્રીયાની આગમજ લેઉં તો તેમાં હું ખોટી કેહેવાયું, કાંયકે જેમ મેં તમોને વચન આપ્યું હતું, તેમ મેં મારાં દીલનેબી વચન દીધું હતું કે એક ચોક્કસ જણ સિવાય હું બીજાની પરણેતર તરીકે કદી રહીશ નહીં."

તેજ પલે પેલા સરોવર પરથી કોઇનો હસ્વાનો અને ખુશી થવાનો અવાજ સંભળાયો, પણ બીજીજ પલે ફ્લૉરાનું તે બોલવું પુરું થવા સમેત ફ્લૉરા એક તિક્ષણ ચીચારી મારી તે બારીએથી સરોવરમાં નખાવી દીધું અને તે ચિચારીમાં પેલો સરોવરમાંથી નિકળેલો અવાજ તત્કાળ ડુબી ગયો. ઓરડામાં ગડબડ થઇ ગઇ; અને સર રીચર્ડ પ્રીન્ચ નીચે પહેલો દોડી ગયો.

સર માઇલ્સ ત્યાં બેસુદ્ધ થઇને ફસડાઇ પડયો હતો. પાદરી અને ત્રેસી તીલબર્ન પણ નીચે ધસી ગયા. તેટલાં સરોવર પરથી હલેસાંનો અવાજ આવ્યો, અને સર રીચર્ડ એક બીજીબી હોડી તૈયાર કરવા પેલાં હોડીવાલાં મકાન તરફ ધસી ગયો.

રસ્તામાંજ તેને એક સીલ કીધેલાં એક પેકેટ સાથે વિલયટ મળ્યો.

પેલા હોડીમાં ફ્લૉરાને લેઇ લેવામાં આવી હતી.

તે હોડી પેલા હ્યુબર્ટ ફ્રૉરેસ્ટરનીજ હતી.

"જીવેછ, તેણી જીવેછ" હ્યુબર્ટ ફૉરેસ્ટર બોલી ઉઠયો.

"હા, શુક્ર ખુદાના કે તે હજી જીવેછ" સર રીચર્ડ પ્રીન્ચ ખુશીથી બોલ્યો. "અને ભાઇ આ તેણીની દાસીઓને તું તેણીને હવાલે કર."

તે દાસીઓના હાથમાં ફ્લૉરાને આપતાં તેણે તેણીનાં કપાળપર એક કીસ લીધી જે જોઇ સર માઇલ્સ કૉર્ટલેન્ડ છેડાયો.

"કેમ નીચ પોર્યા તારી આ બેઅદબી માટે તુંને—"

"અરે ઝુરી કાઢો એ નાપાકને, એને એવી હીંમતજ કેમ કીધી?"

"એ વ્યાજખાઉના પોર્યા, મને પાઠ શીખવવાનું તારું કામ નથી, અને હુંબી જોઉંછ કે તારા જેવા સાથે તેણીને નેકામાં જોરજુલમથી બેસાડવાને કયો કંગાલ બાહાર પડેછ?"

"જો સર માઇલ્સ મને મારા રૂપ્યા આપી માંરું દેણુ ચુકવી આપે તો હું એવા રખડેલોની દરકારબી નહીં કરું."

"સર માઇલ્સ, મેહરબાંની કરી મને જવાબ આપશો કે આ કંગાલનું શું કરજ છે?"

"ઓહોહોહો! જાણે તે રકમ એ આપી દેવાનો હોય, જાણે મારું કરજ એના જેવા ભીખારી ગજવાંમાંથી ફીટવાનું હોય—લે તુંને હું કેહુંછ કે તે રકમ..................... છે."

"બસ એજ, સર માઇલ્સ?" હ્યુબર્ટે પુછ્યું.

"હા હા, પણ તું એ બધું કાંય પુછે? તું તે આપી શકશે?"

"અલબત"

"કેમ?"

"એમ" કહી તેણે બે નોકરો તરફ આંગળી કરી દેખાડી જેઓ તે કીલ્લાની નીચેના એક ગુફામાંથી પોતાની વચ્ચે એક ભારી દાબડો લેઇ બાહાર આવતા હતા. વાંચનારને યાદ હશે કે ફ્લૉરાના પડી જવાની ભયભીત ચીચારીની થોડુંજ અગાઉ સરોવર પરથી કાંઇ ખુશીનો અવાજ નીકળ્યો હતો. તે હ્યુબર્ટને પેલી પેટી સરોવરને તળયેથી આખરે હાથ લાગવાથી તેનાં હર્ષના દીલમાંથી બાહાર પડયો હતો.

"અરે ખુદા! એ હું શું જોવું છું?"

"એ પેલીજ પેટી છે કે જે કર્નલ બ્લાંડફોર્ડે પોતાના સાળા માઇકેલને આપી હતી અને જે હોડીમાંના સઘળાં ડુબી જવા સમેટ તે પણ સરોવરને તળયે ગઇ હતી, અને હવે સર માઇલ્સ તમારાંમાં ડાહાપણ હોય તો એમાંથી તમારૂં કરજ આપી એને સદાનો દુર કરો."

"પણ તું—તું કોણ છે?" સર માઇલ્સે પુછ્યું.

"હું કોણ? જે હતો અને હાલ લેઉં તેના કરતાં હું કાંઇ વધારે નથી" હ્યુબર્ટે કહ્યું અને પછી તે જરા ધીમે સાદે બોલ્યો "આહ! હજી તે વખત નથી આયો!"

"નહીં, નહીં તે વખત હવે આવી લાગ્યો છે." ત્યાં સર રીચર્ડ ફીન્ચ જે, તેને પેલા વીલ્યટે આપેલું પૅકેટ જરા દુર ઉભો રહી વાંચતો હતો તે હવે તે ટોળાં નજદીક આવીને બોલ્યો. સઘળાં તેની તરફ ફર્યાં.

"હ્યુબર્ટ ફૉરેસ્ટ કાંઇ તમો સમજોછ તેમ માછીમાર નથી, પણ એક ઉંચ કુળનો જવાન છે અને એનું નામ—**અરબાન બ્લાંડફર્ડ** છે.

સઘળાં ચોંકયા અને તેમના તે અચંબા વચ્ચે ત્રેસી છેડાયલાં વરૂં પેઠે બોલી ઉઠયો "એ કરનલ બ્લાન્ડ ફૉર્ડનો દીકરો, ત્યારે તો પકડો એને, રાજા ચાર્લસને નામનું એની સામે તો વારંટ છે જેની રહે એને—"

"નહીં એમ નથી, આ જુવો એની માફીનો દસ્તાવેજ!" એમ કહી સર રીચર્ડે પોતાનાં હાથમાંનું એક કાગળ સર્વને બતાવ્યું.

પ્રકરણ ૧૨ મું.

વધનમાં લગન.

પ્રીય વાંચનાર, વધનમાં લગનના આ પ્રકરણ સાથે વધનમાં પડેલી મારી વાર્તાનું પણ સેવટ આવે છે.

હવે એ સઘળું કેમ બન્યું તે આપણે ઉપર ટપકેથી જોઇ જઇયે.

વાર્તાની શુરૂઆતમાં આપણે જોયું કે કરનલ બ્લાંડફર્ડે મરતી વેળા પોતાની મોહોરદાર અને છોકરા અરબાનને પોતાના સાળાને સોંપી આપ્યાં હતાં.

સરોવર પરથી ન્હાસ્તાં તેમની હોડી કોઇ સામે આવતી હોડી સાથે અઠડી અને સઘળાઓનાં ધારવામેળે તેમાંનાં બધાં ડુબી ગયાં પણ ખરૂં તો એ કે માઇકેલ એક સરસ તરનાર હોવાથી પોતાના ભાણેજ અરબાનને પોતાની સાથે બચાવવા ફાવ્યો હતો.

અરબાનને લેઇ ઇંગ્લાંડના એક દુરના ભાગમાં જતો રહ્યો અને ત્યાં તેઓ બાપદીકરા વસવા લાગ્યા.—તેણે અરબાનનું નામ હ્યુબર્ટ રાખ્યું અને પોતે ફોરેસ્ટનું નામ ધારણ કીધું.

આખરે પોતાના મોતનાં બીછાણાંપર તેણે હ્યુબર્ટને સઘળી વાત કહી અને શાંતીથી તે મરણ પામ્યો. ત્યારબાદ એટલે આપણી વાર્તા ઉંઘડવાની એક આઠ દસ મહીના અગાઉથી અરબાન કમ્બરલેન્ડ તરફ આવી વસ્યો અને પેલો સરોવરને તળ્યે ગયેલા દાબડાની તપાસ કરવા માંડી, પણ તેની ઉપર તો તેના સજાનું વારંટ હતું તેનું કેમ? અને કાયદા પ્રમાણે તે પેટી જો મળે સર માઇલ્સની થાય ત્યારે? તુરત એક વિચાર અરબાનને સુઝયો.

તેણે પોતાના રાજાપર એક કાગળ લખી તેમાં ખુલેખુલું જે ખરૂં હતું તે જણાવ્યું અને અરજ કીધી કે બ્લાંડફર્ડનાં ખાન્દાનપર નીકળેલું વારંટ પાછું ખેંચી લેવું અને તે પેટી જો તેને મળે તો તેનીજ થાય તેવું કાંઇ કરવું.

રાજા ચાર્લસ જે કાંઇક સેંકડો ફાંટાનો ધણી હતો, તેને એ જવાનમાં કાંઇ લાભ હોય તેમ ખરૂં ખોટું શોધ કરવા સર રીચર્ડ ફ્રીન્ચને મોકળ્યો.

સર રીચર્ડની પેહેલી મતલબ ભરમમાં કશુંબી રાખવાની નહીં હતી પણ તે તુરત હ્યુબર્ટને મળી તેને લગતી વાત પુછી તુરત સર માઇલ્સને મળી સઘળું નક્કી કરનાર હતો, પણ હ્યુબર્ટ અચાનક કેવી રીતે મળ્યો અને ફ્લૉરા બાબે પણ તે કેવી રીતે પકડાઇ ગયો એ આપણે જોયું છે, અને તેથી સર રીચર્ડ છુપા રહી સઘળું માજરૂં જોવાનો વિચાર કીધો. તેમ કરતાં સર રીચર્ડ ફ્રીન્ચના હાથમાં વખત નહીં રહ્યો. હ્યુબર્ટને માફી મળવા સાથે ફ્લૉરાનો પણ તે ખાવીંદ થવો જોઇયે માટે પોતે જઇને રાજાને મળ્યા કરતાં ઉતાવલે ત્યાં પોતાની ખાતરીનો કાસદ મોકળ્યો અને તેની માફી મેળવી. માઇકેલે મરતી વખત અરબાનને જે સઘળું કહ્યું હતું તેમાં એ પણ હતું કે તેનાં બાપની સામે રાજાને ઉશ્કેરનાર સર માઇલ્સ હતો અને સર માઇલ્સ જો ચાહતે તો કરનલ બ્લાંન્ડફર્ડને તે ફેજે પુગતાં અટકાવતે. પણ હ્યુબર્ટે તે વાત છાની દાબી નાંખી, ત્રેસી તિલબર્નને તેની રકમ આપી હડધુટ કરી વિદાય કીધો.

હવે કેહેવાની કાંઇ જરૂર છે કે અરબાન બ્લાંડફર્ડના ફ્લૉરા કાર્ટલૅન્ડ સાથે લગન થયાં. અને સઘળા ધામધુમમાં સર રીર્ડ ફ્રીન્ચે કેવી દીલોજાનીથી ભાગ લીધો હતો.

સમાપ્ત.